# કલાપૂર્ણ સ્વાધ્યાય

## તત્વાર્થ સૂત્ર

## અર્થ સહિત

## ૨૧

સંપાદક

પૂ. મુનિશ્રી અમિતયશવિજય મ.સા.

# જ્ઞાનનાં ખમાસમણના પાંચ દુહા

**: મતિ જ્ઞાનનો દુહો :**

સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ,
પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ

**: શ્રુત જ્ઞાનનો દુહો :**

પવયણ શ્રુત સિદ્ધાંત તે આગમ સમય વખાણ,
પૂજો બહુવિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણ

**: અવધિ જ્ઞાનનો દુહો :**

ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર,
વંદના તેહને માહરી, શ્વાસ માહે સો વાર

**: મન :પર્યવ જ્ઞાનનો દુહો :**

એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણઠાણ,
પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત્ત આણ

**: કેવલ જ્ઞાનનો દુહો :**

કેવળ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ,
જ્ઞાન પંચમી દિન પૂજીએ, વિજયલક્ષ્મી શુભ તેજ

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

॥ શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-
કલાપૂર્ણસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

# કલાપૂર્ણ સ્વાધ્યાય

# શ્રી તત્ત્વાર્થ-સાર્થ

## ૨૧

❀ દિવ્યાશિષ દાતા ❀

**પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.**

❀ શુભાશિષ દાતા ❀

**પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.**

❀ સંપાદક ❀

**મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.**

પુસ્તક : કલાપૂર્ણ સ્વાધ્યાય ભાગ – ૨૧
શ્રી તત્ત્વાર્થ સાર્થ

નકલ : ૧૦૦૦

સહાયક : તપસ્વી સેવાભાવી પૂ.મુ.શ્રી આગમયશ વિ. મ.સા.

મૂલ્ય : રૂા. ૧૨

પ્રકાશન : શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ, મદ્રાસ
શ્રી કલાપૂર્ણસૂરી આરાધક મંડળ, વિક્રોલી
શ્રી કલાપૂર્ણસૂરી જૈન બાલ મંડળ, ડોંબીવલી

મુદ્રક : હિતેન શાહ – ફોનઃ ૨૬૭૧ ૪૬૦૩

**આ પુસ્તકનો લાભ લેનાર : શ્રી શ્વે. મૂ.પૂ. તપાગચ્છ જૈન સંઘ, નમિનાથ જૈન દેરાસર, ઘનશ્યામ ગુપ્તે રોડ, ડોંબીવલી. સા. શ્રી ચંદ્રયશાશ્રીજી મ.ની પ્રેરણાથી ૨ હજાર જ્ઞાનાખાતાના મળેલ છે. અમદાવાદ**

**નોંધ : આ પુસ્તક જ્ઞાનખાતાનું હોવાથી તેની કિંમત ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં રાખવી.**

# પ્રસ્તાવના

પરમાત્માની પરમકૃપાથી મળેલા માનવજીવનને સફળ બનાવવા માટે જીવનમાં સ્વાધ્યાયની સતત જરૂર છે. સ્વાધ્યાયમાં રહેવાથી મન એકાગ્ર બને છે. અનેક મહાપુરૂષો સ્વાધ્યાય દ્વારા પોતાના જીવનને ધન્ય બનાવી ગયા. પંચમીના ચૈત્યવંદનમાં પણ લખ્યું છે કે જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો છેહ. જ્ઞાની આત્મા શ્વાસે શ્વાસે કર્મનો નાશ કરે છે. આપણે સહુ સ્વાધ્યાયમાં મગ્ન બનીએ. આ પુસ્તકમાં તત્ત્વાર્થ સૂત્ર અર્થ સહિત આપવામાં આવ્યું છે. કલાપૂર્ણ સ્વાધ્યાયના પુસ્તકો દરેક સમુદાયમાં ખૂબ જ ઉપયોગી બની રહ્યા છે. આ પુસ્તક તત્ત્વાર્થ ઉષાના આધારે છાપવામાં આવ્યું છે. જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ પણ છપાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. પ્રેસાદિ દોષો સુધારીને વાંચવા વિનંતી.

૨૦૬૦, જૈન ઉપાશ્રય — મુનિ અમિતયશ વિ.
પ્ર.શ્રા.સુ.૧૧
ચકાલા, અંધેરી (ઈસ્ટ)

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | અધ્યાય ૧ – દર્શન જ્ઞાન | ૫ |
| ૨. | અધ્યાય ૨ – જીવ | ૧૫ |
| ૩. | અધ્યાય ૩ – અધોમધ્યલોક | ૩૦ |
| ૪. | અધ્યાય ૪ – દેવ | ૩૬ |
| ૫. | અધ્યાય ૫ – અજીવ | ૪૯ |
| ૬. | અધ્યાય ૬ – આસ્રવ | ૬૨ |
| ૭. | અધ્યાય ૭ – વિરતિ | ૭૩ |
| ૮. | અધ્યાય ૮ – કર્મબંધ | ૮૬ |
| ૯. | અધ્યાય ૯ – સંવર નિર્જરા | ૯૮ |
| ૧૦. | અધ્યાય ૧૦ – મોક્ષ | ૧૨૨ |

## પૂ. પૂર્વધર પરમર્ષિ ભગવત્ શ્રી
## ઉમાસ્વાતિવાચક વિરચિત

# શ્રી તત્વાર્થાધિગમ-શાસ્ત્ર

## અધ્યાય - ૧

૧. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષ-માર્ગઃ

૨. તત્ત્વાર્થ-શ્રદ્ધાનં સમ્યગ્-દર્શનમ્

---

## શ્રી તત્ત્વાર્થ-ઉષા

૧. સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણજ ભેગાં મળીને મોક્ષનાં સાધન છે.

૨. સ્યાદ્વાદને અનુસરતા જીવાદિપદાર્થોની-'આજ સાચાં અને શંકા વિનાના' એવી હૃદયની શ્રદ્ધા તે સમ્યગદર્શન કહેવાય.

૩. તન્નિસર્ગાદધિગમાદ્વા
૪. જીવાજીવાસ્ત્રવ-બન્ધ-સંવર-નિર્જરા-મોક્ષાસ્તત્ત્વમ્
૫. નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવતસ્તન્ન્યાસઃ
૬. પ્રમાણ-નયૈરધિગમઃ

---

૩. નિસર્ગથી એટલે સહજ ઉત્પન્ન થતું કે અધિગમથી એટલે ઉપદેશ, જિનપ્રતિમા, સર્વજ્ઞશાસ્ત્ર, વગેરે બાહ્ય નિમિત્ત પામીને ઉત્પન્ન થતું સમ્યક્ત્વ 'નિસર્ગ' અને 'અધિગમ' એમ બે પ્રકારે છે.
૪. જીવ, અજીવ, આસ્ત્રવ (કર્મબંધના કારણ), બંધ (જીવ સાથે કર્મની એકમેકતા), સંવર (કર્મ રોકવાના ઉપાય), નિર્જરા (કર્મનો દેશક્ષય) અને મોક્ષ (સકલ કર્મનો ક્ષય) આ સાત જ તત્ત્વ છે.
૫. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપે તે સમ્યગ્દર્શન અને જીવ વગેરેનો વિભાગ થાય છે.
૬. પ્રમાણ અને નયથી વસ્તુમાત્રનો બોધ થાય છે.

૭. નિર્દેશ-સ્વામિત્વ-સાધનાધિકરણ-સ્થિતિ-
વિધાનતઃ

૮. સત્-સંખ્યા-ક્ષેત્ર-સ્પર્શન-કાલાન્તર-
ભાવાલ્પ-બહુત્વૈશ્ચ

૯. મતિ શ્રુતાવધિ-મનઃપર્યાય-કેવલાનિ જ્ઞાનમ્

૧૦. તત્ પ્રમાણે

---

૭-૮. વિશેષ અભિધાન, સ્વામિ, કારણ, આધાર, કાળમર્યાદા, પ્રકાર-આ અને સત્ છે કે અસત્, સંખ્યા-પ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, સમય પ્રમાણ, આંતરૂં, ભાવ, ઓછાવત્તાપણું - આ દ્વારોથી તત્ત્વોનો વિચાર થઈ શકે છે.

૯. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાન - આ પાંચ જ્ઞાન છે.

૧૦. એ પાંચ જ્ઞાન બે પ્રકારના પ્રમાણમાં વહેંચાયેલા છે.

૧૧. આદ્યે પરોક્ષમ્

૧૨. પ્રત્યક્ષમન્યત્

૧૩. મતિઃ સ્મૃતિઃ સંજ્ઞા ચિન્તાऽભિનિબોધ ઈત્યનર્થાન્તરમ્

૧૪. તદિન્દ્રિયાऽનિન્દ્રિય-નિમિત્તમ્

---

૧૧. પ્રથમનાં બે જ્ઞાન મતિ અને શ્રુત – એ (પરમાર્થથી) પરોક્ષ પ્રમાણ છે.

૧૨. બાકીનાં ત્રણ જ્ઞાન–અવધિ, મનઃપર્યાય અને કેવલ એ પ્રત્યક્ષ પ્રમાણ છે પરોક્ષ એ ઇંદ્રિયાદિની મદદથી થાય, જ્યારે પ્રત્યક્ષ એ વિના સીધું જ આત્માને થાય.

૧૩. મતિ (વિદ્યમાનનું જ્ઞાન), સ્મરણ, સંજ્ઞા (એજ વસ્તુ ફરી જોતાં ઓળખ), ચિંતા (ભાવિનો વિચાર), અભિનિબોધ (સર્વ પ્રકારે નિર્ણય) - આ બધાં મતિજ્ઞાનથી જુદાં નથી.

૧૪. મતિજ્ઞાન એ ઇંદ્રિયોથી અને અનિન્દ્રિયથી એટલે કે મનથી અને ઓઘ સંજ્ઞાથી ઉત્પન્ન થાય છે.

१५. અવગ્રહેહાપાય-ધારણાઃ

१६. બહુ-બહુવિધ-ક્ષિપ્રાડનિશ્રિતાડસંદિગ્ધધ્રુવાણાં સેતરાણામ્

१७. અર્થસ્ય

१८. વ્યઞ્જનસ્યાવગ્રહઃ

---

१५. મતિજ્ઞાનના મુખ્ય ચાર પ્રકાર છે. અવગ્રહ[1], ઈહા[2], અપાય[3], ધારણા[4], (૧-સામાન્યબોધ, ૨-વિચારણા, ૩-વિચારણા, ૪-ન ભૂલવું તે).

१६. આ દરેક પ્રકારે વસ્તુ જણાય તે બાર ભેદે - ૧. ઘણું, ૨. ઘણા પ્રકારે, ૩. ઝટ, ૪. વિના આધારે, ૫. સંશય વિના, ૬. અવશ્ય - આ છ અને આથી ઉલટાં છ.

१७. પદાર્થનું જ્ઞાન અવગ્રહાદિ ચાર પ્રકારે થાય છે.

१८. પરંતુ વ્યંજન (ઈંદ્રિયો સાથે લાગેલ વસ્તુના સંબંધ) નો માત્ર અવગ્રહ થાય. એટલે કે જ્ઞાન શક્તિ જન્મે, પણ ઈહા વગેરે ન થાય.

૧૯. ન ચક્ષુરનિન્દ્રિયાભ્યામ્

૨૦. શ્રુતં મતિપૂર્વં દ્વયનેકદ્વાદશભેદમ્

૨૧. દ્વિવિધોऽવધિઃ

---

૧૯. ચક્ષુ અને મનથી વ્યંજનાવગ્રહ ન થાય.

૨૦. શ્રુત મતિપૂર્વક હોય છે (શ્રુતની પૂર્વે મતિ અવશ્ય હોય. શ્રુત–આપ્ત વચનથી થતું જ્ઞાન) તે અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એમ બે પ્રકારે છે. આ બેના અનુક્રમે અનેક અને બાર પ્રકાર છે. (પાંચ જ્ઞાનના કુલ એકાવન ભેદ ગણાય છે, ત્યાં શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ છે – અક્ષરશ્રુત, સંજ્ઞિ૦, સમ્યક્૦, સાદિ૦, અપર્યવસિત૦, ગમિક૦, અંગપ્રવષ્ટિ૦, આ સાત અને એથી ઉલટાં સાત.)

૨૧. અવધિજ્ઞાન બે પ્રકારે થાય છે. (૧. ભવને લઈને થતું અને ૨. ક્ષયોપશમથી થતું. માત્ર રૂપી પદાર્થ જોવા – એ મર્યાદાવાળું જ્ઞાન.)

૨૨. ભવપ્રત્યયો નારક–દેવાનામ્

૨૩. યથોક્ત–નિમિત્તઃ ષડ્–વિકલ્પઃ શેષાણામ્

૨૪. ઋજુ–વિપુલ–મતી મનઃપર્યાયઃ

૨૫. વિશુદ્ધયપ્રતિપાતાભ્યાં તદ્વિશેષઃ

---

૨૨. ભવને લઈને થતું અવધિજ્ઞાન સર્વ નારકો અને દેવોને હોય છે. (જેમ પક્ષીનો ભવજ એવો કે ઉડવાની શક્તિ મળે.)

૨૩. કહેલા ક્ષયોપશમ રૂપી નિમિત્તથી થતું છ પ્રકારનું અવધિજ્ઞાન બાકીના મનુષ્ય–તિર્યંચને હોય. (અનુગામી, વર્ધમાન, અપ્રતિપાતિ – આ ૩ અને એથી ઉલટાં ૩.)

૨૪. મનઃપર્યાયજ્ઞાન એ ઋજુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારે હોય છે. (એનાથી મનના વિચારોને જુએ.)

૨૫. નિર્મલતા (બહુપર્યાયોનું જ્ઞાન) અને કાયમપણું આ બે વિશેષતાથી ઋજુ. વિપુલ.નો ભેદ પડે છે.

૨૬. વિશુદ્ધિ–ક્ષેત્ર–સ્વામિ–વિષયેભ્યોઽવધિ–મનઃપર્યાયયોઃ

૨૭. મતિશ્રુતયોર્નિબન્ધઃ સર્વદ્રવ્યેષ્વસર્વપર્યાયેષુ

૨૮. રૂપિષ્વવધેઃ

૨૯. તદનન્ત–ભાગે મનઃપર્યાયસ્ય

૩૦. સર્વ–દ્રવ્ય–પર્યાયેષુ કેવલસ્ય

---

૨૬. અવધિ અને મનઃપર્યાયમાં તફાવત નિર્મલતા, ક્ષેત્ર, સ્વામિ અને વિષયને લઈને છે.

૨૭. મતિ અને શ્રુતનો નિબન્ધ (વ્યાપાર, વિષયસંબંધ, પ્રકાશ) કેટલાક પર્યાયયુક્ત સર્વ દ્રવ્યો વિષે હોય.

૨૮. અવધિજ્ઞાનનો વ્યાપાર કેટલાક પર્યાયયુક્ત રૂપી (મૂર્ત) દ્રવ્યોને વિષેજ હોય.

૨૯. અવધિના વિષય કરતાં અનંત ભાગના વિષય પર મનઃપર્યાયનો પ્રકાશ પડે.

૩૦. કેવલજ્ઞાનનો પ્રકાશ અતીત વર્તમાન અને ભાવિ સર્વ–દ્રવ્ય અને સર્વ પર્યાય પર પડે.

૩૧. એકાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્મિન્નાચતુર્ભ્યઃ

૩૨. મતિશ્રુતાવધયો વિપર્યયશ્ચ

૩૩. સદસતોરવિશેષાદ્યદચ્છોપલબ્ધે-રુન્મત્તવત્

---

૩૧. મતિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાન સુધીના જ્ઞાનમાંથી એક સાથે કોઈને એક, બે, ત્રણ કે ચાર જ્ઞાન હોય છે.

૩૨. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન છે, અને (મિથ્યાત્વને લઈને) એથી વિપરીત મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન છે.

૩૩. ઉન્મત્તને થતા વિપરીત જ્ઞાનની જેમ મિથ્યાત્વીને ઉત્પાદ, નાશ અને નિત્યતાવાળા સાચા પદાર્થો કે એ વિનાના કલ્પિત પદાર્થોનો વિવેક-ભેદ ન હોવાથી એને થતું જ્ઞાન એ અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) કહેવાય છે.

૩૪. નૈગમ-સંગ્રહ-વ્યવહારર્જુસૂત્ર-શબ્દા નયાઃ

૩૫. આદ્ય-શબ્દૌ દ્વિ-ત્રિ-ભેદૌ

---

૩૪. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, અને શબ્દ આ પાંચ નય છે.

૩૫. પહેલો નૈગમ એ સામાન્યગ્રાહી અને વિશેષગ્રાહી એમ બે પ્રકારે છે, અને શબ્દ એ સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત એમ ત્રણ પ્રકારે છે.

## અધ્યાય - ૨

૧. ઔપશમિક-ક્ષાયિકૌ ભાવૌ મિશ્રશ્ચ જીવસ્ય સ્વતત્ત્વમૌદયિક-પારિણામિકૌ ચ.

૨. દ્વિ-નવાષ્ટાદશૈકવિંશતિ-ત્રિભેદા યથાક્રમમ્

૩. સમ્યક્ત્વ-ચારિત્રે

---

૧. ઔપશમિક (કર્મના ઉપશમથી થતો), ક્ષાયિક, મિશ્ર (ક્ષાયોપશમિક), ઔદયિક અને પારિણામિક (પરિણામ) આ પાંચ ભાવ જીવને અભિન્નભાવે હોય છે.

૨. એ પાંચ ભાવોના અનુક્રમે ૨-૯-૧૮-૨૧ અને ૩ પ્રકાર છે.

૩. સમ્યગ્દર્શન અને સર્વચારિત્ર - એ ઔપશમિક ભાવના બે પ્રકાર છે.

૪. જ્ઞાન-દર્શન-દાન-લાભ-ભોગોપભોગ વીર્યાણિ ચ

૫. જ્ઞાનાજ્ઞાન-દર્શન-દાનાદિલબ્ધયશ્ચતુસ્ત્રિત્રિ-પઞ્ચભેદાઃ સમ્યક્ત્વ-ચારિત્ર-સંયમાસં-યમાશ્ચ

૬. ગતિ-કષાય-લિંગ-મિથ્યાદર્શનાજ્ઞાના-સંયતાસિદ્ધત્વ-લેશ્યાશ્ચતુશ્ચતુસ્ત્ર્યેકૈકૈકૈકષડ્-ભેદાઃ

---

૪. (કેવલ) જ્ઞાન, (કેવલ) દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય, તેમજ સમ્યક્ત્વ અને સર્વચારિત્ર - આ ૯ ક્ષાયિકભાવના પ્રકાર.

૫. કેવલ વિના જ્ઞાન ૪, મત્યાદિ અજ્ઞાન ૩, ચક્ષુ અચક્ષુ, અવધિ એ દર્શન ૩, દાન વગેરે લબ્ધિ ૫, સમ્યક્ત્વ સર્વચારિત્ર અને દેશવિરતિ - આ ૧૮ ક્ષાયોપશમિક ભાવના પ્રકાર છે.

૬. ૪ ગતિ, ૪ કષાય, ૩ વેદ, મિથ્યાત્વ, અજ્ઞાન (જ્ઞાનશૂન્યતા), અવિરતિ, અસિદ્ધતા (સકર્મપણું) અને ૬ લેશ્યા - આ ૨૧ ઔદયિક ભાવના પ્રકાર છે.

૭. જીવ-ભવ્યાભવ્યત્વાદીનિ ચ

૮. ઉપયોગો લક્ષણમ્

૯. સ દ્વિવિધોઽષ્ટ-ચતુર્ભેદઃ

૧૦. સંસારિણો મુક્તાશ્ચ

---

૭. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ - આ ૩ પારિણામિક ભાવના પ્રકાર જીવને હોય છે, આ અનાદિના તથા પરિણામ છે સૂત્રમાંના આદિ શબ્દથી અસ્તિત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરે પણ પારિણામિકભાવો જીવને હોય છે - એ સમજવું.

૮. ઉપયોગ (ચૈતન્યસ્ફુરણા) એ જીવનું લક્ષણ છે. (લક્ષણ - અસાધારણ ધર્મ.)

૯. એ ઉપયોગ બે પ્રકારે - જ્ઞાનનો અને દર્શનનો, જ્ઞાન ઉપયોગ ૮ ભેદે (૫ જ્ઞાન અ ૩ અજ્ઞાન) અને દર્શન ઉપયોગ ૪ ભેદે છે.

૧૦. સંસારી અને મોક્ષના - એમ બે પ્રકારે જીવો હોય છે.

૧૧. સમનસ્કાઽમનસ્કાઃ

૧૨. સંસારિણસ્ત્રસ-સ્થાવરાઃ

૧૩. પૃથિવ્યમ્બુ-વનસ્પતયઃ સ્થાવરાઃ

૧૪. તેજો-વાયૂ દ્વીન્દ્રિયાદયશ્ચ ત્રસાઃ

૧૫. પઞ્ચેન્દ્રિયાણિ

---

૧૧. મનવાળા (સંજ્ઞી) અને મનવિનાના (અસંજ્ઞી) એમ બે પ્રકારે સંસારી જીવો હોય છે. સિદ્ધને મન નથી.

૧૨. સંસારી જીવો ત્રસ (હાલતા ચાલતા) અને સ્થાવર (સ્થિર) એમ બે પ્રકારે છે.

૧૩. પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાય એ સ્થાવર જીવો છે.

૧૪. અગ્નિકાય, વાયુકાય અને બેઇંદ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો ત્રસ કહેવાય છે. (પ્રથમના બે જાતિથી સ્થાવર છે, પણ ગતિથી ત્રસ છે.)

૧૫. ઇંદ્રિયો પાંચ છે.

૧૬. દ્વિવિધાનિ

૧૭. નિર્વૃત્ત્યુપકરણે દ્રવ્યેન્દ્રિયમ્

૧૮. લબ્ધ્યુપયોગૌ ભાવેન્દ્રિયમ્

---

૧૬. એ પાંચે ઇંદ્રિયો બે પ્રકારે - ૧. દ્રવ્ય, ૨. ભાવ.

૧૭. (એમાં પહેલી) દ્રવ્યેન્દ્રિય બે પ્રકારે - ૧. નિર્વૃત્તિ (શરીરમાં બાહ્ય અને અભ્યન્તર અમુક અમુક રૂપે ઇંદ્રિયના આકાર) અને ૨. ઉપકરણ (નિર્વૃત્તિને વિષયનું જ્ઞાન કરવામાં ઉપકારક અને નિર્વૃત્તિમાંજ રહેલી અતિ સ્વચ્છ પુદ્ગલોથી બનેલી શક્તિ.)

૧૮. (બીજી) ભાવઇન્દ્રિય બે પ્રકારે - ૧. લબ્ધિઇંદ્રિય (તે તે ઇંદ્રિયથી થતું વિષયનું જ્ઞાન કરાવનાર આત્માનો શક્તિ-પરિણામ. કર્મના ક્ષયોપશમથી અને તે તે ગતિ અને જાતિનામકર્મના ઉદયથી આ ઉત્પન્ન થાય છે.) ૨. ઉપયોગ ઇંદ્રિય (તે તે જ્ઞાનાવરણ, દર્શનાવરણના ક્ષયોપશમ કે ક્ષયને અનુસારે થતો આત્માનો વ્યક્ત (પ્રગટ) જ્ઞાન સ્ફુરણ પરિણામ.)

૧૯. ઉપયોગઃ સ્પર્શાદિષુ

૨૦. સ્પર્શન–રસન–ઘ્રાણ–ચક્ષુઃ શ્રોત્રાણિ

૨૧. સ્પર્શ–રસ–ગન્ધ–વર્ણ–શબ્દાસ્તેષામર્થાઃ

૨૨. શ્રુતમતિન્દ્રિયસ્ય

---

૧૯. સ્પર્શ, રસ, ગંધ વગેરેનો બોધ કરાવનાર ઉપયોગ છે. (નિર્વૃત્તિ–ઉપકરણ–લબ્ધિ–ઈંદ્રિયની સહાયથી.)

૨૦. સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઈન્દ્રિયો છે.

૨૧. એ પાંચના અનુક્રમે સ્પર્શ, ગંધ, રૂપ અને શબ્દ (દ્રવ્યશ્રુત) આ પાંચ વિષય (જ્ઞેય) છે.

૨૨. ભાવશ્રુત એટલે શ્રુતજ્ઞાન, એ મનનો વિષય છે. (અહિં શ્રુત મોક્ષોપયોગી આવશ્યકાદિ શાસ્ત્રજ્ઞાન લેવાનું છે.)

૨૩. વાય્વન્તાનામેકમ્
૨૪. કૃમિ-પિપીલિકા-ભ્રમર-મનુષ્યાદીનામેકૈક-વૃદ્ધાનિ
૨૫. સંજ્ઞિનઃ સમનસ્કાઃ
૨૬. વિગ્રહગતૌ કર્મયોગઃ

---

૨૩. વાયુકાય સુધીનાને અર્થાત્ પૃથ્વી-અપ્-વનસ્પતિ-અગ્નિ અને વાયુકાયજીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોય છે.
૨૪. કરમીયા વગેરે, કીડી આદિ, ભ્રમર આદિ અને મનુષ્ય વગેરેને અનુક્રમે એક એક વધુ ઈન્દ્રિય હોય છે. ૨-૩-૪-૫ ઈન્દ્રિયો.
૨૫. મનવાળા જીવો સંજ્ઞી કહેવાય છે. (સંજ્ઞા એટલે ભૂતભવિષ્યનો, કાર્યકારણનો વિચાર વગેરે.)
૨૬. (પરભવે જતાં) વક્રગમનમાં માત્ર કાર્મણ શરીરયોગ (કર્મસમૂહની પ્રવૃત્તિ) હોય છે. (વિગ્રહગતિ સિવાય મન, વચન અને ઔદારિકાદિ શરીરની પ્રવૃત્તિ હોઈ શકે છે.)

૨૭. અનુશ્રેણિ ગતિઃ

૨૮. અવિગ્રહા જીવસ્ય

૨૯. વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ ચતુર્ભ્યઃ

૩૦. એક-સમયોઽવિગ્રહઃ

---

૨૭. પરભવ જતા જીવનું તથા સ્વતઃ પુદ્‌ગલોનું ગમન આકાશ પ્રદેશની પંક્તિના અનુસારેજ થાય છે. (ત્રાંસું નહિં)

૨૮. (મુક્ત) જીવની મોક્ષ તરફ માત્ર સીધી જ ગતિ હોય છે. (વક્ર નહિ)

૨૯. સંસારી જીવની સીધી અને વક્ર એમ બે પ્રકારની ગતિ હોય છે. વક્ર હોય ત્યાં ચાર વક્ર પહેલાં, એટલે કે વક્ર ત્રણ સુધી હોય.

૩૦. સરળગતિ એકજ સમયવાળી હોય છે. (સમય-સૂક્ષ્મકાળ. આંખના એક પલકારામાં અસંખ્યાત સમય લાગે.)

૩૧. એકં દ્વૌ વાડનાહારકઃ

૩૨. સમ્મૂર્છન-ગર્ભોપપાતા જન્મ

૩૩. સચિત્ત-શીત-સંવૃતાઃસેતરા મિશ્રાશ્ચૈકશ-સ્તદ્યોનયઃ

---

૩૧. ભવાન્તરે જતાં વચમાં બે અથવા ત્રણ વક્રમાં એક અથવા બે સમય જીવ અનાહારી હોય છે. (પછી ઉત્પત્તિથી અંતર્મુહૂર્ત સુધી ઓજાહાર, પછી મરણ સુધી લોમાહાર અને વચમાં અનિયત કવલાહાર.)

૩૨. સંમૂર્છન (વિના ગર્ભે, ઉત્પત્તિસ્થાનના પુદ્ગલોથી શરીર રચાવું), ગર્ભ અને ઉપપાત (અંતર્મુહૂર્તમાં આખું શરીર કુંભી કે શય્યામાં રચાવું) આ ત્રણ રીતે જીવનો જન્મ થાય છે.

૩૩. જન્મ થવાની યોનિઓ એટલે ઉત્પત્તિનાં સ્થાન સચિત્ત, અચિત્ત કે સચિત્તાચિત્ત; શીત, ઉષ્ણ કે શીતોષ્ણ; અને ઢાંકેલી, ખુલ્લી કે ઢાંકેલી-ખુલ્લી

૩૪. જરાય્વણ્ડપોતજાનાં ગર્ભઃ

૩૫. નારક-દેવાનામુપપાતઃ

---

હોય છે. (નારક દેવોને અચિત્ત, ગર્ભજને સચિત્તાચિત્ત અને બાકીનાને ત્રણમાંથી કોઈ એક. દેવો અને ગર્ભજને શીતોષ્ણ, અગ્નિકાયને ઉષ્ણ અને બાકીનાને ત્રણમાંથી કોઈ એક. નારક, દેવ અને એકેન્દ્રિયોને ઢાંકેલી, ગર્ભજને ઢાંકેલી-ખુલ્લી અને બાકીનાને ખુલ્લી.)

૩૪. જરાયુ (ઓડ-ગર્ભને વીંટળાયેલું પાતળું પડ) થી લપટાયેલા (મનુષ્ય, ગાય વગેરે), ઈંડામાં થનારા (સાપ, પક્ષી વગેરે) અને પોતજ એટલે ઓડ વિના ચોક્ખા બચ્ચા રૂપે થનારા (હાથી, સસલું વગેરે) આ ત્રણેનો ગર્ભજન્મ હોય છે.

૩૫. નારકો અને દેવોનો ઉપપાતજન્મ હોય છે.

૩૬. શેષાણાં સમ્મૂર્છનમ્

૩૭. ઔદારિક-વૈક્રિયાऽऽહારક-તૈજસ-કાર્મણાનિ શરીરાણિ

૩૮. પરં પરં સૂક્ષ્મમ્

---

૩૬. બાકીના સંસારી જીવો (એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને ગર્ભવિના ઉત્પન્ન થતા પંચેન્દ્રિયતિર્યંચ મનુષ્ય) નો સંમૂર્છન જન્મ હોય છે.

૩૭. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ, આ પાંચ પ્રકારના શરીર હોય છે.

૩૮. (ઉપરના પાંચ શરીરમાં) પછી પછીનું શરીર પૂર્વ પૂર્વ કરતાં વધુ સૂક્ષ્મ (પુદ્‌ગલનું) હોય છે. (જેમ કે ઔદારિક કરતાં વૈક્રિય સૂક્ષ્મ. વૈક્રિય કરતાં...)

૩૯. પ્રદેશતોઽસંખ્યેયગુણં પ્રાક્ તૈજસાત્

૪૦. અનન્તગુણે પરે

૪૧. અપ્રતિઘાતે

૪૨. અનાદિ-સમ્બન્ધે ચ

૪૩. સર્વસ્ય

---

૩૯-૪૦-૪૧. છતાં તૈજસ પહેલાંના અર્થાત્ પહેલાં ત્રણ શરીર પૂર્વ પૂર્વ કરતાં અસંખ્યાતગુણ પ્રદેશોવાળાં છે. જ્યારે પાછળનાં બે તૈજસ અને કાર્મણ-પૂર્વ પૂર્વ કરતાં અનંતગુણ પ્રદેશવાળાં છે, અને એ બે (ચૌદ રાજલોકમાં જતાં ક્યાંય પણ) સ્ખલના પામતાં નથી.

૪૨-૪૩. છેલ્લા બે શરીર તૈ૦ કા૦ (જીવ સાથે) અનાદિ કાળથી સંબંધવાળા છે, અને એ સર્વ સંસારીને હોય છે.

૪૪. તદાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્યાચતુર્ભ્યઃ

૪૫. નિરુપભોગમન્ત્યમ્

૪૬. ગર્ભ–સમ્મર્ચ્છનજમાદ્યમ્

---

૪૪. આખા સંસારકાળમાં સાથે રહેનાર આ બે સિવાય બાકીના ઔદારિક વગેરે ત્રણ શરીરમાંના ગમે તે હોય છે. એટલે એક જીવને એકી સાથે ચાર શરીર સુધી પણ હોઈ શકે છે. (માત્ર વૈક્રિય અને આહારક એ બે એક કાળે સાથે નથી હોતા.)

૪૫. છેલ્લું કાર્મણ શરીર સુખદુઃખનો ભોગવટો નથી કરાવતું. એનાથી કર્મ બાંધવા, ભોગવવાં કે છોડવાનું નથી બનતું.

૪૬. પહેલું ઔદારિક ગર્ભજન્મમાં અથવા સંમૂર્છનજન્મમાં હોય છે.

૪૭. વૈક્રિયમૌપપાતિકમ્

૪૮. લબ્ધિપ્રત્યયં ચ

૪૯. શુભં વિશુદ્ધમવ્યાઘાતિ ચાહારકં ચતુર્દશ-પૂર્વધરસ્યૈવ

૫૦. નારક-સંમૂર્છિનો નપુંસકાનિ

---

૪૭-૪૮. વૈક્રિય ઉપપાતજન્મમાં હોય છે જ, અને લબ્ધિ (તપ વગેરેથી ઉત્પન્ન થયેલી શક્તિ) થી પણ હોય છે.

૪૯. શુભ એટલે સારા પુદ્‌ગલનું બનેલું અને સારી આકૃતિવાળું, વિશુદ્ધ એટલે હિંસાદિથી નહિ બનેલું અને હિંસાદિ નહિં કરનારૂં અને અવ્યાઘાતી એટલે અન્યનું અવ્યાઘાતક અને અન્યથી ઉપઘાત ન પામનારૂં આહારક શરીર ચૌદપૂર્વીને જ હોય છે.

૫૦. નારક અને સંમૂર્છિમ જીવોને નપુંસકવેદ હોય છે.

૫૧. ન દેવાઃ

૫૨. ઔપપાતિક-ચરમદેહોત્તમ-પુરુષાડસંખ્યે-ચવર્ષાયુષો-ડનપવર્ત્યાયુષઃ

---

૫૧. દેવોને નપુંસકવેદ નથી (પણ સ્ત્રી કે પુંવેદ હોય છે. ગર્ભજને ત્રણ વેદમાંથી ગમે તે.)

૫૨. ઉપપાતજન્મવાળા દેવ અને નારક, સંસારમાં છેલ્લા ભવમાં રહેલા મનુષ્યો, ઉત્તમ પુરુષો (તીર્થંકર ભગવંતો, ગણધર મહારાજા, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ) અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો એ અખંડ આયુષ્ય ભોગવનારા જ. એટલે કે અકાળ મૃત્યુ ન પામનારા હોય છે.

# અધ્યાય - ૩

૧. રત્ન-શર્કરા-વાલુકા-પંક-ધૂમ-તમો-મહાતમઃ પ્રભા ભૂમયો ઘનાડમ્બુ-વાતાકાશ-પ્રતિષ્ઠાઃ સપ્તાધોડધઃ પૃથુતરાઃ

૨. તાસુ નરકાઃ

---

૧. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા, આ સાત પૃથ્વીઓ પ્રત્યેક (એકબીજાથી નીચે રહેલા એવા) ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશ પર રહેલી છે, અને પૂર્વ પૂર્વથી નીચે નીચે છે, અને વધુ વધુ વિસ્તારવાળી છે.

૨. તેમાં નારકો (નારક જીવોને રહેવાનાં સ્થાનો) છે.

૩. નિત્યાઽશુભતરલેશ્યા-પરિણામ-દેહ-વેદના-વિક્રિયાઃ
૪. પરસ્પરોદીરિતદુઃખાઃ
૫. સંક્લિષ્ટાઽસુરોદીરિતદુઃખશ્ચપ્રાક્ ચતુર્થ્યાઃ

---

૩. તે નરકોમાં નારક જીવો રહે છે. એઓને (મરણ સુધી નરકગતિ વગેરેનો ઉદય હોવાથી) હંમેશાં ઘણી અશુભ લેશ્યા, ઘણા અશુભ પુદ્ગલના પરિણામ (બંધન સંસ્થાન વર્ણાદિ, અસહ્ય ગરમી કે ઠંડી, ભયાનક નિત્ય અંધકાર વગેરે) અત્યંત ખરાબ શરીર, દુઃખદ પીડા અને સુખને બદલે ઉલટાં ત્રાસ કરે એવાં બહુ અશુભ નવાં વૈક્રિય શરીર હોય છે. (આ બધું નીચે નીચે વધુ ને વધુ ખરાબ હોય છે.)
૪. નારકોને પરસ્પરથી કરાતાં દુઃખો હોય છે.
૫. પહેલી ત્રણ નરકમાં અતિક્રૂર પરિણામવાળા અસુરો (પરમાધામી) થી કરાતાં દુઃખો પણ હોય છે.

૬. તેષ્વેક-ત્રિ-સપ્ત-દશ-સપ્તદશદ્વાવિંશતિ-ત્રયસ્ત્રિંશત્ સાગરોપમાઃ સત્ત્વાનાં પરાસ્થિતિઃ

૭. જમ્બૂદ્વીપ-લવણાદયઃ શુભનામાનો દ્વીપસમુદ્રાઃ

૮. દ્વિર્દ્વિર્વિષ્કમ્ભાઃ પૂર્વં પૂર્વં પરિક્ષેપિણો વલયાકૃતયઃ

---

૬. સાત નારકોમાં જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય (નીચે નીચે ક્રમસર) ૧-૩-૭-૧૦-૧૭-૨૨ અને ૨૩ સાગરોપમ હોય છે.

૭. (રત્નપ્રભા પૃથ્વી ઉપર મધ્ય લોકમાં) જંબૂદ્વીપ લવણસમુદ્ર વગેરે શુભ નામવાળા દ્વીપ અને સમુદ્રો (અસંખ્યાત) છે.

૮. તે (જંબૂદ્વીપથી આગળ) બમણી બમણી પહોળાઈવાળા, પૂર્વ પૂર્વનાને વીંટીને રહેલા, અને ચૂડીના આકારવાળા છે.

૯. તન્મધ્યે મેરુનાભિર્વૃત્તો યોજન-શત-સહસ્ર-વિષ્કમ્ભો જમ્બૂદ્વિપઃ

૧૦. તત્ર ભરત હૈમવત-હરિ-વિદેહ-રમ્યક્-હૈરણ્યવતૈરાવત -વર્ષાઃ ક્ષેત્રાણિ

૧૧. તદ્વિભાજિનઃ પૂર્વાપરાયતા હિમવન્મહા-હીમવન્નિષધ-નીલરુક્મિ-શિખરિણો વર્ષધર-પર્વતાઃ

---

૯. તે દ્વીપસમુદ્રોની વચમાં (થાળી જેવો) ગોળ લાખજોજનની પહોળાઈવાળો જંબૂદ્વીપ છે. એની મધ્યમાં મેરુ પર્વત છે.

૧૦. જંબૂદ્વીપમાં (અનુક્રમે) ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક્, હૈરણ્યવત, ઐરાવત, (આ સાત) ક્ષેત્રો છે એને વંશ કે વર્ષ પણ કહે છે.

૧૧. એ ક્ષેત્રોનો એકબીજાથી વિભાગ કરનારા અને પૂર્વ પશ્ચિમ લાંબા પડેલા એવા હિમવત્ મહાહિમવત્ નિષધ નીલ રુક્મિ અને શિખરી નામે વર્ષધર પર્વતો છે.

१२. द्विर्धातकी-खण्डे

१३. पुष्करार्धे च

१४. प्राग्मानुषोत्तरान्मनुष्याः

१५. आर्या म्लिशश्च

---

૧૨. (લવણ સમુદ્ર પછીના દ્વીપ) ઘાતકી ખંડમાં ક્ષેત્ર, પર્વતો વગેરે જંબૂદ્વીપ કરતાં બમણાં છે.

૧૩. (ઘા૦ પછી કાલોદ સમુદ્રને વીંટીને રહેલ) પુષ્કરદ્વીપના અડધા ભાગમાં પણ ઘાતકી ખંડ મુજબ જ ક્ષેત્ર વગેરે છે.)

૧૪. પુષ્કરદ્વીપના મધ્યે ગોળ વાડ જેવા પડેલા માનુષોત્તર પર્વતની પહેલાં એટલે આ બાજુ જ મનુષ્યો છે.

૧૫. મનુષ્યો આર્ય અને મ્લેચ્છ એમ બે પ્રકારે છે. (ક્ષેત્ર-જાતિ-કુલ-કર્મ-શિલ્પ-ભાષાથી ૬ ભેદે આર્ય.)

૧૬. ભરતૈરાવત–વિદેહાઃ કર્મભૂમયોઽન્યત્ર દેવ–
કુરૂત્તરકુરુભ્યઃ

૧૭. નૃસ્થિતી પરાપરે ત્રિપલ્યોપમાન્તર્મુહૂર્તે

૧૮. તિર્યગ્યોનીનાં ચ

---

૧૬. ભરત, ઐરાવત, અને દેવકુરુ–ઉત્તરકુરુ સિવાયનો મહાવિદેહ એ કર્મભૂમિ કહેવાય છે. (મોક્ષે જવા કર્મ કાઢવાની ભૂમિ તે કર્મભૂમિ)

૧૭. મનુષ્યમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમનું અને જઘન્ય અન્તર્મુહૂર્તનું હોય છે.

૧૮. તિર્યંચોમાં પણ એ મુજબ હોય છે.

# અધ્યાય - ૪

૧. દેવાશ્ચતુર્નિકાયાઃ

૨. તૃતીયઃ પીતલેશ્યઃ

૩. દશાષ્ટપંચદ્વાદશ-વિકલ્પાઃ કલ્પોપપન્ન પર્યન્તાઃ

---

૧. દેવો ચાર નિકાયના હોય છે.

૨. એકલી પીત (તેજો) લેશ્યાવાળી ત્રીજી જ્યોતિષ્કનિકાય (ના સૂર્યઆદિના વિમાન તો પ્રત્યક્ષસિદ્ધ) છે. (લેશ્યા-શરીરનો વર્ણ. ભાવથી છ લેશ્યા હોય.)

૩. કલ્પોપપન્ન દેવ સુધીમાં એટલે કે ભવનપતિ વ્યંતર જ્યોતિષ્ક અને કલ્પોપપન્ન (સ્વામિ-સેવકના વ્યવહારવાળા) વૈમાનિક દેવોમાં અનુક્રમે ૧૦-૮-૫-૧૨ ભેદો છે.

૪. ઈન્દ્રસામાનિક-ત્રાયસ્ત્રિંશ-પારિષદ્યાત્મ-રક્ષલોક-પાલાનીક-પ્રકીર્ણકાભિયોગ્ય-કિલ્બિષિકાશ્ચૈકશઃ

૫. ત્રાયસ્ત્રિંશલોકપાલવર્જ્યા વ્યન્તર-જ્યોતિષ્કાઃ

---

૪. ઈંદ્ર, સામાનિક (ઈંદ્ર નહિ છતાં રાજાના વડીલની માફક ઈંદ્ર જેવા) ત્રાયસ્ત્રિંશ (મન્ત્રિ પુરોહિત જેવા), પારિષદ્ય (મિત્ર જેવા), આત્મરક્ષ (શરીરરક્ષક), લોકપાલ (કોટવાલજાસૂસ જેવા), અનીક (સૈનિક જેવા), પ્રકીર્ણક (પ્રજા જેવા), આભિયોગ્ય (નોકર જેવા) અને કિલ્બિષ (ભંગી જેવા) આ દશ પ્રકારના દેવો દેવનિકાયમાં હોય છે. (પણ)

૫. ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ વિના આઠ પ્રકારના દેવ વ્યંતર અને જ્યોતિષ્કમાં હોય છે.

૬. પૂર્વયોર્દ્રીન્દ્રાઃ

૭. પીતાન્તલેશ્યાઃ

૮. કાય-પ્રવીચારા આ-ઐશાનાત્

૯. શેષાઃસ્પર્શ-રૂપ-શબ્દ-મનઃ-પ્રવીચારા-દ્વયોર્દ્વયોઃ

---

૬. ભવનપતિ અને વ્યંતર – આ પહેલી બે નિકાયમાં (દરેક ભેદે) બબ્બે ઇંદ્ર હોય છે. (ભવનપતિમાં ૨૦ + વ્યંતરમાં ૧૬ + વાણવ્યંતરમાં ૧૬ + જ્યોતિષ્કમાં અસંખ્યાત પરંતુ જાતિ ૨ + કલ્પોપ૦માં ૧૦ = ૬૪ ઇંદ્ર)

૭. પહેલી બે નિકાયમાં કૃષ્ણ, નીલ, કાપોત અને પીત એમ પીત સુધીની ચાર લેશ્યા હોય છે.

૮. ભવનપતિથી ઠેઠ વૈમાનિકના ઈશાન દેવલોક સુધીના દેવો કાયાથી મૈથુન સેવનારા હોય છે.

૯. બાકી (ઉપરના) બબ્બે દેવલોકના દેવો અનુક્રમે સ્પર્શ-રૂપ-શબ્દ દ્વારા વિષય સેવી, અને છેલ્લા

૧૦. પરેડપ્રવીચારાઃ

૧૧. ભવનવાસિનોऽસુર–નાગ–વિદ્યુત્–સુપર્ણાગ્નિ–વાત–સ્તનિતોદધિ–દ્વીપ–દિક્–કુમારાઃ

---

(બે યુગલ) ચાર કલ્પોપપન્ન દેવલોકના દેવ માત્ર વિચારથી વિષયસેવી હોય છે.

૧૦. એની ઉપરના કલ્પાતીત વૈમાનિક દેવો (નવ ગ્રૈવેયકના અને પાંચ અનુત્તરવાસી જીવનભર) વિષયસેવી નથી હોતા, છતાં અપરિમિત પ્રીતિવાળા અને પરમ સુખતૃપ્ત હોય છે.

૧૧. ભવનોમાં રહેતા ભવનપતિ દેવોના (દક્ષિણ ઉત્તરે) ૧૦ વિભાગ છે. અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિક્કુમાર.

૧૨. વ્યન્તરાઃ કિન્નર-કિમ્પુરુષ-મહોરગ-ગન્ધર્વ-યક્ષ રાક્ષસ-ભૂત-પિશાચાઃ

૧૩. જ્યોતિષ્કાઃ સૂર્યાશ્ચન્દ્રમસો ગ્રહ-નક્ષત્ર-પ્રકીર્ણતારકાશ્ચ

૧૪. મેરુ-પ્રદક્ષિણા નિત્ય-ગતયો નૃ-લોકે

૧૫. તત્કૃતઃ કાલ-વિભાગઃ

---

૧૨. વ્યંતરનિકાયના દેવોના ૮ વિભાગ છે. કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગાર્ન્ધવ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ.

૧૩. જ્યોતિષ્ક દેવોના ૫ વિભાગ છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને છુટા તારા.

૧૪. મનુષ્યલોકમાં આ પાંચ (જ્યોતિષ્કના વિમાન) મેરુને પ્રદક્ષિણા દેતા હંમેશા ફરે છે.

૧૫. આ ચર જ્યોતિષ્ક વિમાનના ફરવાને અનુસારે કાળનો વિભાગ થાય છે.

૧૬. બહિરવસ્થિતાઃ

૧૭. વૈમાનિકાઃ

૧૮. કલ્પોપપન્નાઃ કલ્પાતીતાશ્ચ

૧૯. ઉપર્યુપરિ

૨૦. સૌધર્મેશાન-સાનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મલોક-લાન્તક-મહાશુક્ર-સહસ્રારેષ્વાનત-પ્રાણતયોરારણા-ચ્યુતયોર્નવસુ ગ્રૈવેયકેષુ વિજય-વૈજયન્ત-જયન્તાऽ-પરાજિતેષુ-સર્વાર્થસિદ્ધે ચ

---

૧૬. મનુષ્યલોકની બહારના જ્યોતિષ્ક (ના વિમાન) સદા સ્થિર છે.

૧૭. વૈમાનિક એ ચોથી દેવનિકાય છે.

૧૮. તે કલ્પોપપન્ન અને કલ્પાતીત (સૌ અહમિંદ્ર) એમ બે પ્રકારે છે.

૧૯-૨૦. એક એકથી ઉપર ઉપર આવેલા સૌધર્મ, ઈશાન, સન્તકુમાર, માહેંદ્ર, બ્રહ્મલોક, મહાશુક્ર,

૨૧. સ્થિતિ-પ્રભાવ-સુખ-દ્યુતિ-લેશ્યા-
વિશુદ્ધીન્દ્રિયાવધિ-વિષયતોऽધિકાઃ
૨૨. ગતિ-શરીર-પરિગ્રહાऽભિમાનતો હીનાઃ

---

સહસ્ત્રાર, આનત-પ્રાણત, આરણ-અચ્યુત, (એ બાર દેવલોક) નવગ્રૈવેયક (માંની પ્રત્યેક) અને વિજય-વૈજયન્ત-જયન્ત-અપરાજિત-સર્વાર્થસિદ્ધ (એ અનુત્તરપંચક) ને વિષે વૈમાનિક દેવો વસે છે.

૨૧. ઉપર ઉપરના દેવો આયુષ, પ્રભાવ (વૈક્રિયરૂપ, બલ વગેરેની શક્તિ), શુભ ક્ષેત્ર-પુદ્ગલોથી થતું સુખ, તેજ, લેશ્યાની નિર્મલતા, ઇંદ્રિયપટુતા અને અવધિજ્ઞાનના વિષયની વિશાલતાને આશ્રીને પૂર્વપૂર્વના દેવ કરતાં ચઢીયાતા હોય છે. (પણ)

૨૨. અધોગમન, શરીર ઉંચાઈ, વિમાન સંખ્યા પરિગ્રહ અને અભિમાનમાં હીન હીન હોય છે.

૨૩. પીત-પદ્મ-શુકલ-લેશ્યા-દ્વિ-ત્રિ-શેષેષુ

૨૪. પ્રાગ્ ગ્રૈવેયકેભ્યઃ કલ્પાઃ

૨૫. બ્રહ્મલોકાલયા લોકાન્તિકાઃ

૨૬. સારસ્વતાદિત્ય-વહ્ન્યરુણ-ગર્દતોય-તુષિ-
તાડવ્યાબાધ મરુતોડ રિષ્ટાશ્ચ

---

૨૩. પહેલા બે દેવલોક (સૌધર્મ ઈશાન) માં પીત (તેજો) લેશ્યા, પછીના ત્રણ (૩ થી ૫ માં) દેવલોકમાં પદ્મ લેશ્યા, અને બાકી ઠેઠ ઉપર સુધી શુક્લ લેશ્યા હોય છે.

૨૪. ગ્રૈવેયકની નીચેના કલ્પ કહેવાય છે. (ઈંદ્રિઆદિ દશની કલ્પના છે માટે.)

૨૫. લોકાન્તિક દેવો પાંચમા બ્રહ્મનામના દેવલોકના અંતે વાસ કરનારા હોય છે.

૨૬. એ (આઠ પ્રકારના ઈશાન કોણથી આઠે દિશામાં) સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ અને મરુત, તથા (મધ્યે) અરિષ્ટ નામે છે.

૨૭. વિજયાદિષુ દ્વિચરમાઃ

૨૮. ઔપપાતિક–મનુષ્યેભ્યઃશેષાસ્તિર્યગ્યોનયઃ

૨૯. સ્થિતિઃ

૩૦. ભવનેષુ દક્ષિણાર્ધાધિપતીનાં પલ્પોમમધ્યર્ધમ્

૩૧. શેષાણાં પાદોને

---

૨૭. અનુત્તરના વિજય આદિ ચાર વિમાનને વિષે દેવો દ્વિચરમ ભવવાળા હોય છે. અર્થાત્ વધુમાં વધુ પછી બે ભવ કરી છેલ્લા (ત્રીજા) મનુષ્યભવમાં સિદ્ધ થાય છે.

૨૮. ઉપપાત જન્મવાળા દેવ તથા નારક અને મનુષ્યો પછીથી બાકી રહેલા જીવો તિર્યંચયોનિ (ગતિ) વાળા કહેવાય છે.

૨૯–૩૦. ઉત્કૃષ્ટ આયુષ્ય મેરુની દક્ષિણે અડધા ભવનપતિમા (નવ) ઇંદ્રોનું દોઢ પલ્યોપમ હોય છે.

૩૧. બાકીના ઉત્તરાર્ધના ૯ ઇંદ્રોનું પોણા બે પલ્યોપમ હોય છે.

૩૨. અસુરેન્દ્રયોઃ સાગરોપમમધિકં ચ

૩૩. સૌધર્માદિષુ યથાક્રમમ્

૩૪. સાગરોપમે

૩૫. અધિકે ચ

૩૬. સપ્ત સાનત્કુમારે

૩૭. વિશેષ – ત્રિ – સપ્ત – દશૈકાદશ – ત્રયોદશ – પંચદશ – ભિરધિકાનિ ચ

---

૩૨. દક્ષિણાર્ધ અસુરેદ્રનું એક સાગરોપમ, અને ઉત્તરાર્ધ અસુરેંદ્રનું એક સાગરોપમથી કાંઈક અધિક હોય છે.

૩૩,૩૪,૩૫. સૌધર્માદિમાં ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે (૧લામાં) બે સાગરોપમ અને (૨જામાં) બે સાગરોપમથી કાંઈક અધિક હોય છે.

૩૬. ત્રીજા સન્તકુમારમાં સાત સાગરોપમ હોય છે.

૩૭. ચોથામાં સાત સાગરોપમથી અધિક, પાંચમામાં ૭ + ૩ = ૧૦, છઠ્ઠામાં ૭ + ૭ = ૧૪, સાતમામાં ૭

૩૮. આરણાચ્યુતાદૂર્ધ્વમેકૈકેન નવસુ ગ્રૈવેયકેષુ વિજયાદિષુ સર્વાર્થસિદ્ધે ચ

૩૯. અપરા પલ્યોપમમધિકં ચ

૪૦. સાગરોપમે

૪૧. અધિકે ચ

---

+ ૧૦ = ૧૭, આઠમામાં ૭ + ૧૧ = ૧૮, નવમા અને દશમામાં ૭ + ૧૩ = ૨૦ અને અગિયારમા બારમામાં ૭ + ૧૫ = ૨૨ સાગરોપમ હોય છે.

૩૮. ૧૧-૧૨ માં આરણ-અચ્યુતની ઉપર નવ ગ્રૈવેયક, વિજયાદિ ચાર અને સર્વાર્થસિદ્ધમાં એકેક વધે, (૧લી ગ્રે. માં ૨૩, ૨જી માં ૨૪, ૯મી માં ૩૧, વિજયાદિમાં ૩૨ અને સર્વાર્થમાં ૩૩ સાગરોપમ).

૩૯. જઘન્ય આયુષ્ય ૧લા દેવલોકથી અનુક્રમે એક પલ્યોપમ (સૌધર્મમાં) અને એક પલ્યોપમથી કાંઈક અધિક (૨જા ઈશાનમાં) છે.

૪૦-૪૧. ૩જા સનત્કુમાર બે સાગરોપમ અને ૪થા

૪૨. પરતઃ પરતઃ પૂર્વાપૂર્વાઽનન્તરા

૪૩. નારકાણાં ચ દ્વિતીયાદિષુ

૪૪. દશવર્ષસહસ્ત્રાણિ પ્રથમાયામ્

૪૫. ભવનેષુ ચ

૪૬. વ્યન્તરાણાં ચ

૪૭. પરા પલ્યોપમમ્

---

માહેંદ્રમાં બે સાગરોપમથી કાંઈક અધિક હોય છે.

૪૨. ૪થાની ઉપર ઉપરના દેવલોકમાં, પોતપોતાના પૂર્વની જે ઉત્કૃષ્ટ સ્થિતિ, એજ પછીનાની જઘન્ય સ્થિતિ છે.

૪૩. બીજી આદિ નરકમાં નારકીનું જઘન્ય આયુષ્ય પૂર્વપૂર્વના ઉત્કૃષ્ટ આયુષ્ય મુજબ છે.

૪૪-૪૫-૪૬. જઘન્ય દશ હજાર વર્ષનું આયુ પહેલી નરકમાં, ભવનવાસિનું અને વ્યંતરોનું હોય છે.

૪૮. જ્યોતિષ્કાણામધિકમ્

૪૯. ગ્રહાણામેકમ્

૫૦. નક્ષત્રાણામર્ધમ્

૫૧. તારકાણાં ચતુર્ભાગઃ

૫૨. જઘન્યા ત્વષ્ટભાગઃ

૫૩. ચતુર્ભાગઃ શેષાણામ્

---

૪૭-૪૮. વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમનું હોય છે અને જ્યોતિષ્ક દેવોનું એક પલ્યોપમથી અધિક હોય છે. (અધિકમાં સૂર્યનું ૧૦૦૦ વર્ષ અને ચંદ્રનું ૧ લાખ વર્ષ હોય છે. વ્યંતર દેવીનું અર્ધ પલ્યોપમ, અને જ્યો. દેવીનું અર્ધ પલ્યોપમ + ૫૦૦૦૦ વર્ષ.)

૪૯-૫૦-૫૧. ઉત્કૃષ્ટ આયુષ્ય ગ્રહોનું ૧ પલ્યોપમ, નક્ષત્રોનું ૧/૨ પલ્યોપમ અને તારાનું ૧/૪ પલ્યોપમનું હોય છે.

૫૨-૫૩. જઘન્ય આયુ તારાનું ૧/૮ પલ્યોપમ અને બાકીના જ્યોતિષ્કનું ૧/૪ પલ્યોપમનું હોય છે.

# અધ્યાય – ૫

૧. અજીવકાયા ધર્માડધર્માડડકાશ પુદ્ગલાઃ

૨. દ્રવ્યાણિ જીવાશ્ચ

૩. નિત્યાડવસ્થિતાન્યરૂપાણિ

૪. રૂપિણઃ પુદ્ગલાઃ

---

૧. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચાર અજીવકાય છે. ('કાય' શબ્દ પ્રદેશનો સમૂહ સૂચવે છે. એથી સમય રૂપ કાળ કાય નથી ગણાતો.)

૨. એ ચાર દ્રવ્ય છે, અને જીવો પણ દ્રવ્ય છે. (કુલ પાંચ દ્રવ્ય, ગુણ પર્યાયવાળું તે દ્રવ્ય)

૩. એ દ્રવ્યો નિત્ય છે. પોતાના મુખ્ય સ્વરૂપ (ધર્મત્વ પુદ્ગલત્વ, જીવત્વ વગેરે) ને પલટતા નથી, અને (પુદ્ગલ સિવાયના) અરૂપી–અમૂર્ત છે.

૪. પુદ્ગલ રૂપી–મૂર્ત છે.

૫. આ–આકાશાદેકદ્રવ્યાણિ

૬. નિષ્ક્રિયાણિ ચ

૭. અસંખ્યેયાઃ પ્રદેશા ધર્માધર્મયોઃ

૮. જીવસ્ય ચ

૯. આકાશસ્યાનન્તાઃ

---

૫–૬. આકાશ સુધીના અર્થાત્ ધર્મા., અધર્મા. અને આકાશા. સંખ્યામાં એકેક જ દ્રવ્ય છે, અને તે ગમનાદિ ક્રિયા વિનાના છે.

૭. ધર્મા. અધર્મા. ને અસંખ્યાત પ્રદેશ છે. (પ્રદેશ – ઝીણામાં ઝીણો અંશ)

૮. દરેક જીવને પણ તેટલા જ અસંખ્યાત પ્રદેશ છે.

૯. (ધર્મા. આદિ દ્રવ્યોને રાખનાર લોકાકાશને પણ તેટલા જ અસંખ્યાત પ્રદેશ છે, અલોક કે લોકાલોક) આકાશને અનંતા પ્રદેશ છે.

૧૦. સંખ્યેયાઽસંખ્યેયાશ્ચ પુદ્‌ગલાનામ્

૧૧. નાણોઃ

૧૨. લોકાકાશેઽવગાહઃ

૧૩. ધર્માઽધર્મયોઃ કૃત્સ્ને

૧૪. એક–પ્રદેશાદિષુ ભાજ્યઃ પુદ્‌ગલાનામ્

---

૧૦. પુદ્‌ગલ–સ્કંધોને સંખ્યાત, અસંખ્યાત કે અનંત પ્રદેશ હોય છે.

૧૧. પરમાણુ પુદ્‌ગલને (દ્રવ્ય) પ્રદેશો નથી.

૧૨. ધર્મા. આદિ દ્રવ્યોનો લોકાકાશમાં જ વાસ છે. (પણ તે વ્યવહારનયે. નિશ્ચયનયે તો દ્રવ્યો પોતાનામાંજ રહે છે.)

૧૩. ધર્મા. અને અધર્મા.નો આખાય લોકાકાશમાં વાસ છે.

૧૪. પુદ્‌ગલ દ્રવ્યોનો અનિયતપણે આકાશના એક પ્રદેશથી માંડી અસંખ્ય પ્રદેશોમાં વાસ છે.

१५. અસંખ્યેય-ભાગાદિષુ જીવાનામ્

१६. પ્રદેશ-સંહાર-વિસર્ગાભ્યાં પ્રદીપવત્

१७. ગતિ-સ્થિત્યુપગ્રહો ધર્માઽધર્મયોરુપકારઃ

---

१५. જીવોનો લોકાકાશના અસંખ્યાતમા ભાગોમાં વાસ છે. સૂત્રમાં 'ભાગાદિ' શબ્દમાંના આદિ શબ્દથી આખા લોકાકાશમાં કેવલી-સમુદ્ઘાત વખતે વ્યાપે એ સમજવું.

१६. દીવાના પ્રકાશની જેમ જીવના પ્રદેશોનો સંકોચ અને વિકાસ થવાથી જીવનો ભિન્ન ભિન્ન અવગાહ (આકાશ-ભાગને વ્યાપવાનું) થાય છે.

१७. ધર્માસ્તિકાયનો ગુણ જીવ-પુદ્ગલને ગમનમાં સહાય કરવાનો અને અધર્માસ્તિકાયનો ગુણ સ્થિરતામાં સહાય કરવાનો છે. (જેમ માછલીની ગતિમાં પાણી અને મુસાફરની સ્થિરતામાં વૃક્ષ સહાયક છે, તેમ.)

૧૮. આકાશસ્યાવગાહઃ

૧૯. શરીર-વાઙ્-મનઃ-પ્રાણાપાનાઃ પુદ્ગલાનામ્

૨૦. સુખ-દુઃખ-જીવિત-મરણોપગ્રહાશ્ચ

૨૧. પરસ્પરોપગ્રહો જીવાનામ્

૨૨. વર્તના પરિણામઃ ક્રિયા પરત્વાઽપરત્વે ચ કાલસ્ય

---

૧૮. આકાશનો ગુણ (બીજાં દ્રવ્યને) અવકાશ આપવાનો છે.

૧૯-૨૦. પુદ્ગલ દ્રવ્યોનો ગુણ (પ્રયોજન) શરીર, ભાષા, મન, શ્વાસોશ્વાસ બનવાનો છે. તેમજ સુખ-દુઃખ-જીવન-મરણમાં નિમિત્ત થવાનો છે.

૨૧. જીવોનો ગુણ એકબીજાને ઉપકાર કરવાનો છે. (હિતાહિતનો ઉપદેશ દઈને)

૨૨. કાળનો ઉપકાર પદાર્થોમાં વર્તના, પરિણામ, ક્રિયા અને પરત્વ-અપરત્વ થવું એ છે. (વર્તનાથી સર્વપદાર્થો તે તે કાળે વર્તે છે. પરિણામથી બાલ

યુવાન આદિ ભિન્ન ભિન્ન અવસ્થા, ઋતુ-વિભાગ ભરતી, ઓટ વગેરે થાય છે. ક્રિયા એટલે દ્રવ્ય-પરિણામ, એથી જીવમાં શરીર-આહાર-વર્ણ આદિ-સંબંધી (૧) પ્રયોગ-ઉત્પાદ = પ્રયત્નથી સાધ્ય ક્રિયા; અજીવમાં વિચિત્રાકાર સંધ્યા-ઈંદ્રધનુષ્યાદિ સંબંધી (૨) વિસ્ત્રસ-ઉત્પાદ = કુદરતી નિર્માણ; અને ઘડો વગેરે બનવા સંબંધમાં (૩) મિશ્ર (પ્રયોગ-વિસ્ત્રસા) ઉત્પાદરૂપ ક્રિયા તે તે કાળે થાય છે. અતીત-વર્તમાનનો સંભેળ નથી થતો... ઈત્યાદિ. પરત્વથી આ આનાથી મોટો કે જૂનો એમ થાય છે. અપરત્વથી નાનો કે નવો એમ થાય છે.

૨૩. અણુ કે સ્કંધ પુદ્ગલો (સ્વપરિણામભૂત) સ્પર્શ, રસ, ગંધ અને રૂપવાળા જ હોય છે.

૨૪. શબ્દ–બન્ધ–સૌક્ષ્મ્ય–સ્થૌલ્ય–સંસ્થાન–ભેદ–
તમશ્છાયાઽઽતપોદ્યોતવન્તશ્ચ

૨૫. અણવઃ સ્કન્ધાશ્ચ

૨૬. સંઘાત–ભેદેભ્ય ઉત્પદ્યન્તે

૨૭. ભેદાદણુઃ

---

૨૪. સ્કંધ પુદ્‌ગલો (અનેક નિમિત્તથી) શબ્દ, પ્રયોગબંધ આદિ, સૂક્ષ્મતા, સ્થૂલતા, આકૃતિ, વિભાગ, અંધકાર, છાયા, તડકો અને ચંદ્ર–રત્નાદિના પ્રકાશ સ્વરૂપ પરિણામવાળા હોય છે.

૨૫. પુદ્‌ગલો બે પ્રકારેઃ અણુઓ અને સ્કંધો.

૨૬. સ્કંધો ત્રણ રીતે બને છે. (૧) પુદ્‌ગલોના ભેગા મળવાથી (૨) જૂના સ્કંધમાંથી પુદ્‌ગલો છૂટા પડવાથી, અને (૩) સંઘાત–ભેદ બન્નેથી.

૨૭. અણુઓ ફક્ત ભેદથી ઉત્પન્ન થાય છે.

૨૮. ભેદ-સંઘાતાભ્યાં ચાક્ષુષાઃ

૨૯. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્

૩૦. તદ્-ભાવાવ્યયં નિત્યમ્

૩૧. અર્પિતાઽનર્પિત-સિદ્ધેઃ

---

૨૮. ઈંદ્રિયથી જાણી શકાય એવા સ્કંધો ભેદ-સંઘાત બન્નેથી બને છે. પણ કેવળ ભેદથી કે કેવળ સંઘાતથી નહિ.

૨૯. ઉત્પતિ, નાશ અને નિત્યતા (કાયમપણું) આ ત્રણે ધર્મોવાળુંજ સત્ કહેવાય.

૩૦. (૧) વસ્તુના સ્વરૂપમાંથી જેનો ત્રિકાળમાં ફેરફાર નથી થતો તે નિત્ય છે. (૨) પોતાની ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં સત્ આદિ અન્વયિ (ન પલટાનાર) અંશે કરીને વસ્તુ નિત્ય છે. (૩) અવ્યય એટલે કોઈ કાળમાં અછતું નહિ એવું વસ્તુનું સર્વ અવસ્થામાં નિર્વિકાર સ્વરૂપ નિત્ય છે.

૩૧. (૧) ગયા સૂત્રમાં અર્પિત એટલે બતાવેલા નિત્યના

સ્વરૂપ પરથી, **અનર્પિત** એટલે ન બતાવેલા ઉત્પત્તિ-નાશનાં સ્વરૂપ વિપરીત છે એ સમજી શકાય છે, માટે નથી કહ્યા. (૨) ધ્રૌવ્ય એટલે દ્રવ્યાંશ અને ઉત્પાદ-વ્યય એ પર્યાયઅંશ-આ બેમાંથી પ્રયોજન પડે, **અર્પિત** એટલે મુખ્યતાએ વ્યવહાર કરાતો એક અને **અનર્પિત** એટલે મુખ્યતાએ વ્યવહાર ન કરાતો બીજો - આવા બંને ધર્મ એક જ વસ્તુમાં પ્રસિદ્ધ છે માટે એક જ વસ્તુમાં ઉત્પાદ-વ્યયની સાથે નિત્યતાનો વિરોધ નથી અને લોકવ્યવહાર પણ ઘટી શકે છે. વસ્તુનો જે રીતે વ્યવહાર જે કાળે કરાતો હોય તેટલો જ ધર્મ તે કાળે એનામાં માની બીજા સત્ ધર્મોનો નિષેધ ન કરાય, કેમકે કાલાન્તરે એજ વસ્તુનો બીજી રીતે - બીજા ધર્મરૂપે પણ વ્યવહાર થાય છે. (૩) **અર્પિત** એટલે સાક્ષાત્ શબ્દથી કહેવાતું વસ્તુનું એક સ્વરૂપ એ, **અનર્પિત** એટલે એજ વસ્તુમાં સમજી શકાતા એવા, વિરૂદ્ધ જેવા પણ દેખાતા બીજા સ્વરૂપથી (ધર્મથી) જ સિદ્ધ છે. માટે...

૩૨. સ્નિગ્ધરૂક્ષત્વાદ્ બન્ધઃ

૩૩. ન જઘન્ય-ગુણાનામ્

૩૪. ગુણ-સામ્યે સદૃશાનામ્

---

અર્પિત-અનર્પિતના બીજા પણ અર્થો જેવાં કે - (૪) સકલાદેશ (પ્રમાણ) વિકલાદેશ (નય) (૫) સ્વપર્યાય-પરપર્યાય. (૬) અર્થપર્યાય-વ્યંજનપર્યાય (૭) અનાદિ-સાદિ (૮) યુગપત્ (એક સાથે વિદ્યમાન) ક્રમિક, વગેરેથી ઘટાવવું.

૩૨. સ્નિગ્ધ કે લુખ્ખા અણુ અથવા સ્કંધનો ભેગા મળવાથી એકાકાર સંબંધ થાય છે. એથી બેનો એક સ્કંધ બને છે.

૩૩. પરંતુ એકઅંશ-સ્નિગ્ધ ગુણવાળા અને એકઅંશ-રૂક્ષ ગુણવાળાનો બંધ નથી થતો.

૩૪. ગુણની સમાનતા (સજાતીયતા) હોય ત્યાં એટલે કે સ્નિગ્ધ-સ્નિગ્ધમાં અને રૂક્ષ-રૂક્ષમાં સરખા અંશના ગુણવાળાનો બંધ નથી થતો (અર્થાત્ સરખા અંશના વિજાતીય ગુણવાળાનો બંધ થાય).

૩૫. દ્વયધિકાદિગુણાનાં તુ

૩૬. બન્ધે સમાધિકૌ પારિણામિકૌ

---

૩૫. સજાતીય ગુણવાળામાચ બે કે વધુ અધિક અંશના ગુણવાળા સાથે બંધ થાય.

૩૬. બંધ થાય ત્યાં સમાન અંશનો કે અધિક અંશનો ગુણ બીજાને પોતાના જેવો કરે છે. (સમાન અંશ સ્થળે વિજાતીયનો જ બંધ હોય છે. એથી સ્નિગ્ધ પુદ્ગલ પોતાની સ્નિગ્ધતા વડે પોતાની સાથે બંધાતા બીજા રૂક્ષ પુદ્ગલને આત્મસાત્ કરે, એટલે કે સ્નિગ્ધ જેવો કરે, અથવા કદાચિત્ રૂક્ષ પુદ્ગલ બીજા સ્નિગ્ધને આત્મસાત્ કરે અધિક અંશ સ્થળે સજાતીયના બંધમાં અધિક અંશવાળો ન્યૂન અંશવાળાને પોતાના સમાન અધિક અંશવાળો કરે, જેમ વિલેપનમાં ભળેલી કસ્તૂરી વિલેપનના ગુણનો અંશ વધારી દે તેમ.)

૩૭. ગુણ-પર્યાયવદ્ દ્રવ્યમ્

૩૮. કાલશ્ચેત્યેકે

૩૯. સોઽનન્ત-સમયઃ

૪૦. દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ

---

૩૭. (પરિણામ-પરિણામિભાવે) ગુણ અને પર્યાય ધારણ કરનારને દ્રવ્ય કહેવાય.

૩૮. કેટલાક આચાર્ય (દ્રવ્યાસ્તિક નયનો આધાર ન લઈ, ભેદ નયના હિસાબે) કહે છે કે કાળ પણ છઠ્ઠું દ્રવ્ય છે. (એ ન હોય તો પદાર્થો ઉપર વર્તનાપરિણામ સ્વરૂપ ઉપકાર કોણ કરે?)

૩૯. તે કાળ (અતીત અનંત સમયે, વર્તમાન એક સમય અને ભાવિ અનંત સમયો મળીને) અનંત સમયોવાળો છે.

૪૦. ગુણો દ્રવ્યના પરિણામરૂપે દ્રવ્યમાં રહેનારા અને સ્વયં ગુણવિનાના છે.

૪૧. તદ્‌ભાવઃ પરિણામઃ

૪૨. અનાદિરાદિમાંશ્ચ

૪૩. રૂપિષ્વાદિમાન્

૪૪. યોગોપયોગૌ જીવેષુ

---

૪૧-૪૨. સ્વયં વસ્તુનુંજ તે તે રૂપે હોવું કે થવું એને પરિણામ કહેવાય. તે બે પ્રકારે :- (૧) અનાદિનો અને (૨) નવો બનતો (પ્રારંભવાળો).

૪૩. રૂપી-મૂર્ત દ્રવ્યોને વિષે ભિન્નભિન્ન સ્પર્શાદિ પરિણામ એ પ્રારંભવાળા (અર્થાત્ નવા શરૂ થતા) હોય છે. પણ સ્પર્શાદિ કોઈ પરિણામ અનાદિનો નથી હોતો.

૪૪. જીવોને વિષે મન વચન કાયાની પ્રવૃત્તિરૂપ યોગ, અને જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગ એ સાદિ પરિણામ છે.

## અધ્યાય - ૬

૧. કાય-વાઙ્-મનઃ-કર્મયોગઃ

૨. સ આશ્રવઃ

૩. શુભઃ પુણ્યસ્ય

૪. અશુભઃ પાપસ્ય

---

(જીવ અને અજીવ તત્ત્વ કહી આવ્યા પછી આસ્રવ તત્ત્વ કહે છે.)

૧-૨. શરીર, વચન અને મનની પ્રવૃત્તિને યોગ કહે છે; તે ત્રણે પ્રકારનો યોગ આસ્રવ છે.

૩. અહિંસા, સત્યા આદિ શુભ યોગ એ શાતા. કર્મ આદિ પુણ્ય-બંધ માટેનો આસ્રવ છે.

૪. હિંસા આદિ અશુભયોગ અશાતા. કર્મ આદિ પાપ કર્મનો આસ્રવ છે.

૫. સકષાયાઽકષાયયોઃ સામ્પરાયિકેર્યાપથયોઃ

૬. અવ્રત-કષાયેન્દ્રિય-ક્રિયાઃ પંચ-ચતુઃ-પંચ-પંચવિંશતિસંખ્યાઃ પૂર્વસ્ય ભેદાઃ

---

૫. કષાયયુક્ત આત્માના યોગ એ સાંપરાયિક બંધનો આસ્રવ છે, અને વીતરાગ બનેલાનો યોગ ઈર્યાપથ બંધનો આસ્રવ છે. (સંપરાય = ચાર ગતિ રૂપ સંસાર, સંસાર પરિભ્રમણના હેતુભૂત કર્મ તે સાંપરાયિક કર્મ; એની સ્થિતિ લાંબી હોય. જ્યારે ઈર્યાપથ કર્મ વીતરાગ જે સમયે બાંધે એના બીજા જ સમયે ભોગવે અને ત્રીજા સમયે તો આત્મપરથી છૂટી જાય. ઈર્યા= આગમાનુસારી ગતિ કે સ્થિતિ; એ માર્ગે આવતું કર્મ તે ઈર્યાપથ કર્મ.)

૬. પાંચ ઇંદ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત (અવિરતિ), અને પચ્ચીસ ક્રિયા એ પહેલા સાંપરાયિક બંધના આસ્રવના પ્રકાર છે.

૭. તીવ્ર – મન્દ – જ્ઞાતાઽજ્ઞાત – ભાવ – વીર્યાઽધિકરણ વિશેષેભ્યસ્તદ્વિશેષઃ

૮. અધિકરણં જીવાઽજીવાઃ

---

૭. તીવ્રભાવ, મંદભાવ, (ભાવ = પરિણામ) ઈરાદો, અજાણપણું, વીર્ય (શક્તિ, તાકાત) અને અધિકરણ (જેથી આત્મા દુર્ગતિનો અધિકારી બને છે તે) ની વિશેષતાએ કર્મબંધમાં તફાવત પડે છે.

૮. (છેદન શસ્ત્રાદિ–દ્રવ્યઅધિકરણ અને સરંભઆદિ ભાવ–અધિકરણ એમ બે પ્રકારનું) અધિકરણ, જીવ–અધિકરણ તેમજ અજીવ–અધિકરણ સ્વરૂપ હોય છે. (આત્માના હિંસાદિ પરિણામરૂપ આસ્રવની ઉત્પત્તિમાં બાહ્ય કોઈ જીવ કે જડ વસ્તુ નિમિત્ત બને છે. એથી હિંસાદિ પરિણામને જીવ–અધિકરણ તેમજ અજીવ–અધિકરણ કહેવાય.)

૯. આદ્યં સંરમ્ભ-સમારમ્ભ-યોગ-કૃત-કારિતાઽનુમત-કષાય-વિશેષૈસ્ત્રિસ્ત્રિસ્ત્રિ-શ્ચતુશ્ચૈકશઃ

૧૦. નિર્વર્તના-નિક્ષેપ-સંયોગ-નિસર્ગા દ્વિ-ચતુર્દ્વિત્રિ-ભેદાઃ પરમ્

---

૯. તેમાં પહેલું (અંતરંગ) જીવ-અધિકરણ ૧૦૮ પ્રકારે સંરંભ, સમારંભ અને આરંભ એ ત્રણ-પ્રત્યેક મનથી, વચનથી અને કાયાથી એમ નવ-દરેક સ્વયં કર્યું, બીજા પાસે કરાવ્યું અને કોઈ કરે એમાં સંમતિ, પ્રશંસા ધરી એમ ૨૭-દરેક ક્રોધવશે, માનવશે, માયાવશે કે લોભવશે, એમ ૧૦૮ (સંરંભ-હિંસાદિનો સંકલ્પ, સમારંભ-હિંસાદિના સાધનનો ઉપયોગ જેથી પરને પીડા થાય, આરંભ-હિંસાદિ ક્રિયા, જેનાથી પ્રાણીનો વધ નીપજે).

૧૦. બીજું (બાહ્ય) અજીવ અધિકરણઃ- અજીવની બે પ્રકારે **નિર્વર્તના**, ચાર પ્રકારે **નિક્ષેપ**, બે ભેદે

સંયોગ અને ત્રણ ભેદે નિસર્ગ સ્વરૂપે છે.

(**નિર્વર્તના** : (૧) મૂલગુણનિર્વર્તના અધિકરણ એટલે પાંચ શરીર, ભાષા, મન અને શ્વાસોશ્વાસ. (૨) ઉત્તરગુણ નિર્વર્તના અધિકરણ એટલે કાષ્ઠ, વસ્ત્ર, ચિત્રકર્મ વગેરે. **નિક્ષેપ** : (૧) વગર જોઈ ભૂમિએ કાંઈ મૂકવું તે અપ્રત્યવેક્ષિત નિક્ષેપાધિકરણ. (૨) જોયા પછી પણ ત્રણ વાર ઠીક ન પૂંજેલી જગાએ કાંઈ મૂકવું તે દુષ્પ્રમાર્જિત નિ. (૩) જોવા પૂંજવાનો યત્ન છતાં શક્તિના અભાવે એકાએક વગર જોયેલ, પૂંજેલ જગાએ કાંઈ મૂકાઈ જવું તે સહસા નિ. અને (૪) અજ્ઞાનથી કે ભૂલમાં તેમ બનવું તે અનાભોગ નિ. **સંયોગ** : (૧) આહાર પાણી સાથે એને યોગ્ય ઈષ્ટ વસ્તુનો સંયોગ તે ભક્ત પાન સંયોજના. અને (૨)વસ્ત્ર પાત્રાદિ સંબંધી ઉપકરણ સંયોજના. **નિસર્ગ** : (૧) અવિધિએ સ્વચ્છદપણે (શાસ્ત્ર વિરૂદ્ધ એવો) કરાતો કાયનો ત્યાગ તે કાયનિસર્ગાધિકરણ એવી રીતે ૨-૩. શાસ્ત્રને

૧૧. તત્પ્રદોષ-નિન્હવ-માત્સાર્યાન્તરાયા-
સાદનોપઘાતા જ્ઞાન-દર્શનાઽઽવરણયોઃ

૧૨. દુ:ખ-શોક-તાપાઽઽક્રન્દન-વધ-
પરિદેવાનાન્યાત્મ પરોભય-સ્થાન્યસદ્વેદ્યસ્ય

---

અસંમત બોલવું અને વિચારવું તે વાઙ્નિસર્ગા.
અને મનોનિસર્ગાધિકરણ.)

૧૧. જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનનાં સાધનો, તેમજ દર્શન, દર્શની કે દર્શનનાં સાધનો ઉપર દ્વેષ, એમનો અપલાપ, એમના પર ઈર્ષા-ખાર, જ્ઞાની-દર્શનીને અંતરાય, કોઈને જ્ઞાન વગેરેનો અંતરાય, જ્ઞાની વગેરેની આશાતના કે નાશ એ જ્ઞાનાવરણ - દર્શનાવરણ કર્મ બંધાવનારા આસ્રવ છે.

૧૨. પોતાના કે બીજાના આત્માને કરાતી સર્વજ્ઞ શાસ્ત્રને અસંમત એવી પીડા, શોક, સંતાપ, કરુણરૂદન, પ્રહાર કે વારંવાર ઘોર વિલાપ એ અશાતા વેદનીય કર્મના આસ્રવ છે.

૧૩. ભૂતવ્રત્યનુકમ્પા દાનં સરાગ-સંયમાદિયોગઃ ક્ષાન્તિઃ શૌચમિતિ સદ્વેદ્યસ્ય

૧૪. કેવલિ-શ્રુત-સંઘ-ધર્મ-દેવાડવર્ણવાદો દર્શનમોહસ્ય

---

૧૩. સર્વ જીવો પર દયા, વ્રતધારી શ્રાવક-સાધુ પર ભક્તિભાવ, દાન, સરાગસંયમ (વીતરાગતા પૂર્વનું), શ્રાવકના વ્રત, પરાધીનપણે કરાતો ઉપભોગનો નિરોધ, પંચાગ્નિ-તપ આદિ કષ્ટયોગ, ક્ષમા (ક્રોધને જન્મવા ન દેવો અને જન્મેલા ક્રોધને નિષ્ફલ કરવો), શૌચ (તૃષ્ણારૂપી મલનો નાશ) વગેરે શાતા વેદનીયના આસ્રવ છે. (વગેરેથી ધર્મપ્રેમ, તપ, સામાયિક, જિનપૂજા, વૈયાવચ્ચ આદિ.)

૧૪. કેવલજ્ઞાની, સર્વજ્ઞના શાસ્ત્રો સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા સંઘ, સાધુ-ધર્મ કે શ્રાવક-ધર્મ અને ચાર નિકાયના દેવોની નિંદા એ દર્શન મોહનીય (મિથ્યાત્વ કર્મ)નો આસ્રવ છે.

૧૫. કષાયોદયાત્તીવ્રાત્મપરિણામશ્ચારિત્ર–મોહસ્ય

૧૬. બહ્વારમ્ભ–પરિગ્રહત્વં ચ નારકસ્યાયુષઃ

૧૭. માયા તૈર્યગ્યોનસ્ય

૧૮. અલ્પારમ્ભ–પરિગ્રહત્વં સ્વભાવ–માર્દવાર્જવં ચ માનુષસ્ય

---

૧૫. કષાયોના ઉદયથી જન્મતો આત્માનો તીવ્ર રૌદ્ર પરિણામ એ ચારિત્ર–મોહનો આસ્રવ છે.

૧૬. બહુ જીવનાશના કારણભૂત કૃષિ વગેરેની માનસિક, વાચિક, કાયિક પ્રવૃત્તિ સ્વરૂપ બહુઆરંભ અને દેહધનાદિ ઉપર ગાઢ મૂર્ચ્છાત્મક બહુ પરિગ્રહ (તથા માંસાહાર અને પંચેન્દ્રિય વધ) એ નરકના આયુષ્યના આસ્રવ છે.

૧૭. (મુખ્યતાએ) માયા–પ્રપંચ એ તિર્યંચઆયુનો આસ્રવ છે.

૧૮. અલ્પઆરંભ, અલ્પપરિગ્રહ, સ્વાભાવિક (નિઃસ્વાર્થ) નમ્રતા અને સરલતા એ મનુષ્યના આયુના આસ્રવ છે.

१९. निःशील-व्रतत्वं च सर्वेषाम्
२०. सरागसंयम-संयमाऽसंयमाऽकामनिर्जरा-बालतपांसि दैवस्य
२१. योग-वक्रता विसंवादनं चाशुभस्य नाम्नः
२२. विपरीतं शुभस्य

---

૧૯. નિઃશીલતા અને અવિરતિ એ ઉપર કહેલ ત્રણે આયુષ્યના આસ્રવ છે. (શીલ-ઉત્તર ગુણ, વિરતિ-અણુવ્રત-મહાવ્રત)

૨૦. સરાગસંયમ, દેશવિરતિ, પરાધીનપણે (અનિચ્છાએ) અશુભ પ્રવૃત્તિનો અને આહારાદિનો નિરોધ, અજ્ઞાન તપ-કષ્ટ એ દેવાયુના આસ્રવ છે.

૨૧-૨૨. મન, વચન, કાયાની પ્રપંચી પ્રવૃત્તિ અને વિસંવાદન (સાચાને ખોટું ઠરાવવાનો, મતિવિપર્યાસ કરવાનો યત્ન વગેરે) એ અશુભ નામ કર્મના આસ્રવ છે. આથી ઉલ્ટા, યોગની સરલતા સંવાદન - એ શુભ નામના આસ્રવ છે.

૨૩. દર્શન–વિશુદ્ધિર્વિનય–સંપન્નતા શીલ–વ્રતેષ્વન – તિચારો ડભીક્ષણં જ્ઞાનોપયોગ – સંવેગૌ શક્તિતસ્ત્યાગ – તપસી સંઘ – સાધુ – સમાધિ – વૈયા વૃત્યકરણમર્હદાચાર્ય – બહુશ્રુત – પ્રવચન – ભક્તિ રાવશ્યકાડપરિહાણિમાર્ગ – પ્રભાવના પ્રવચન – વત્સલત્વમિતિ તીર્થકૃત્ત્વસ્ય

---

૨૩. સમ્યગ્દર્શનની ઉચ્ચ નિર્મળતા, (જ્ઞાનાદિત્રય અને ઉપચાર એમ ચાર પ્રકારે) વિનયયુક્તતા, વ્રત–શીલમાં અતિચાર રહિતપણું, અત્યન્ત અપ્રમાદ, વારંવાર શ્રુતજ્ઞાનમાં એકાગ્રતા, સતત સંસારનો ભય, યથાશક્તિ દાન અને બાહ્ય અભ્યન્તર તપ, શ્રી જિનસંઘને નિરુપદ્રવ અને સ્વસ્થ કરવો, સાધુની વૈયાવચ્ચ, અરિહંત–આચાર્ય–બહુશ્રુત (અંગ–અંગબાહ્ય વગેરે ઘણા શાસ્ત્રોના અભ્યાસી) અને શ્રુતજ્ઞાનની ભક્તિ, આવશ્યક ક્રિયાઓની અખંડ સાધના, સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની, સ્વયં

૨૪. પરાત્મ-નિન્દા-પ્રશંસે સદસદ્ગુણાચ્છાદ-
નોદ્ભાવને ચ નીચૈર્ગોત્રસ્ય

૨૫. તદ્વિપર્યયો નીચૈર્વૃત્યનુત્સેકૌ ચોત્તરસ્ય

૨૬. વિઘ્નકરણમન્તરાયસ્ય

---

પાલન અને ઉપદેશ દ્વારા પ્રભાવના, પ્રવચનનું એટલે આર્હત શાસનને આરાધનારા આગમપ્રજ્ઞોનું અને ગ્લાન, તપસ્વી વગેરેનું આહાર-વસ્ત્ર-અધ્યાપનાદિ દ્વારા વાત્સલ્ય એ તીર્થંકર નામકર્મનો આસ્રવ છે.

૨૪. પરનિંદા, સ્વપ્રશંસા, પરના છતા ગુણને ઢાંકવા અને પોતાના અછતા ગુણ કહેવા એ નીચગોત્રનાં આસ્રવ છે.

૨૫. એથી વિપરીત-પરગુણપ્રશંસા, પરદોષ-સ્વગુણગોપન અને સ્વની નિંદા, તેમજ નમ્રવૃત્તિ અને નિરભિમાન એ ઉચ્ચ ગોત્રના આસ્રવ છે.

૨૬. બીજાને દાન, લાભ વગેરે થતાં અટકાવવાનો યત્ન એ અંતરાયનો આસ્રવ છે.

# અધ્યાય - ૭

૧. હિંસાઽનૃત-સ્તેયાઽબ્રહ્મ-પરિગ્રહેભ્યો વિરતિર્વ્રતમ્

૨. દેશ-સર્વતોઽણુ-મહતી

૩. તત્સ્થૈર્યાર્થં ભાવના: પંચ પંચ

---

૧. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહની વિરતિને વ્રત કહેવાય છે. વિરતિ - જાણીને શ્રદ્ધા અને પ્રતિજ્ઞાપૂર્વક પાપથી નિવૃત્તિ (ત્યાગ).

૨. એ હિંસાદિની અમુક અંશે કરેલી વિરતિને અણુવ્રત અને સર્વથા કરેલી વિરતિને મહાવ્રત કહેવાય છે.

૩. તે વ્રતોની સ્થિરતા માટે દરેકની પાંચ પાંચ ભાવનાઓ છે. (જેનો વારંવાર અભ્યાસ કરવાનો હોય છે તેને અહિં ભાવના સમજવી.)

૪. હિંસાદિષ્વિહાઽમુત્રચાઽપાયાઽવદ્ય-દર્શનમ્

૫. દુઃખમેવા વા

૬. મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - માધ્યસ્થ્યાનિ સત્ત્વગુણાધિક - ક્લિશ્યમાનાવિનેયેષુ

---

૪. હિંસા વગેરે પાંચ આસ્રવ આચરવામાં આ લોકમાંય અનેક નુકશાન દેખાય છે અને પરલોકમાંય પાપના કટુ વિપાક દુર્ગતિ વગેરે હોય છે. - એમ વિચારવું.

૫. અથવા હિંસાદિમાં દુઃખ જ છે - એ વિચારવું. (બીજા પ્રત્યે એ દુઃખરૂપ બને છે, અને પોતાને દુઃખનું લાવનાર બને છે માટે.)

૬. (૧) સર્વજીવો ઉપર મિત્રભાવ (સર્વનું હિત થાઓ એ ભાવના), (૨) અધિકગુણી પ્રત્યે હર્ષ, (૩) પીડાતા દુઃખી ઉપર દયા અને અનુગ્રહ, (૪) ગાઢ મિથ્યાત્વી, અજ્ઞાની તથા શિક્ષાને અયોગ્ય એવા પ્રત્યે ઉદાસીનતા-ઉપેક્ષાભાવ ભાવવો.

૭. જગત્કાય-સ્વભાવૌ ચ સંવેગ-વૈરાગ્યાર્થમ્

૮. પ્રમત્તયોગાત્ પ્રાણ-વ્યપરોપણં હિંસા

૯. અસદભિધાનમનૃતમ્

૧૦. અદત્તાદાનં સ્તેયમ્

---

૭. ભિન્નભિન્ન પ્રાણિમય જગતનો સ્વભાવ સંવેગ (સંસારભય) માટે, અને શરીરનો સ્વભાવ વૈરાગ્ય માટે ચિંતવવો. - (એ બેના સ્વભાવને ચિંતવી સંવેગ વૈરાગ્ય કેળવવો.)

૮. કષાયાદિ પ્રમાદવશે માનસિક-વાચિક-કાયિક પ્રવૃત્તિથી કરાતા પ્રાણના નાશને હિંસા કહેવાય છે.

૯. પ્રમાદ યોગે કરાતું ખોટું (વસ્તુ ન હોય એ રૂપે) કથન એ અસત્ય કહેવાય.

૧૦. વસ્તુના માલીકે ન આપેલી વસ્તુ લેવી કે ભોગવવી તે ચોરી કહેવાય.

११. मैथुनमब्रह्म
१२. मूर्च्छा परिग्रहः
१३. निःशल्यो व्रती
१४. अगार्यनगारश्च
१५. अणुव्रतोऽगारी
१६. दिग्देशाऽनर्थदण्डविरति-सामायिक-पौषधोपवासोप-भोगपरिभोगाऽतिथि-संविभाग-व्रतसंपन्नश्च

---

૧૧. સ્ત્રી પુરૂષની કામક્રિયાને અબ્રહ્મ કહેવાય છે.
૧૨. મૂર્ચ્છા એ પરિગ્રહ છે.
૧૩. વિરતિવંત (માયા, નિદાન, મિથ્યાત્વ એ ત્રણ) શલ્ય વિનાનો હોય છે.
૧૪. વિરતિવંત બે પ્રકારે : ૧. ગૃહસ્થ અને ૨. અનગાર-સાધુ.
૧૫-૧૬. ગૃહસ્થ પંચઅણુવ્રતધારી હોય છે અને દિશાપરિમાણ, ઉપભોગપરિભોગ-પરિમાણ, અને

૧૭. મારણાન્તિકીં સંલેખનાં જોષિતા

૧૮. શંકાકાંક્ષા–વિચિકિત્સા–ડન્યદ ષ્ટિપ્રશંસા–
સંસ્તવાઃ સમ્યગ્દષ્ટે રતિચારાઃ

---

અનર્થદંડ–વિરમણ એ ત્રણ ગુણવ્રતને, તેમજ સામાયિક દેશાવગાશિક પૌષધ તથા અતિથિસંવિભાગ – એ ચાર શિક્ષાવ્રતને ધરનારા હોય છે. (એમ શ્રાવક બારવ્રતધારી કહેવાય.)

૧૭. (વળી ગૃહસ્થ) મરણનજીક સમયે સંલેખના (શરીર અને કષાયને કસનારા મરણાંત અમુક તપ, ધ્યાન અને સમાધિ)નો આરાધક હોય છે.

૧૮. (૧) શંકા = જિનોક્ત વસ્તુમાં સંદેહ, (૨) કાંક્ષા = અન્યમતની અભિલાષા પ્રીતિ, (૩) વિચિકિત્સા = ધર્મક્રિયાના ફલનો સંદેહ, (૪) પ્રશંસા = કુગુરૂ, પાખંડી કે મિથ્યામતિની સ્તુતિ, (૫) સંસ્તવ = એઓનો પરિચય – આ પાંચ સમ્યગ્દષ્ટિના અતિચાર (સમ્યકત્વને મલીન કરનાર સ્ખલનાઓ) છે.

૧૯. વ્રત-શીલેષુ પંચ પંચ યથાક્રમમ્

૨૦. બન્ધ-વધ-ચ્છવિચ્છેદાઽતિભારા-ઽઽરોપણાઽન્નપાન નિરોધાઃ

૨૧. મિથ્યોપદેશ - રહસ્યાભ્યાખ્યાન - કૂટલેખક્રિયા ન્યાસાપહાર - સાકારમન્ત્ર-ભેદાઃ

---

૧૯. પાંચ અણુવ્રત અને શીલ (૩ ગુણવ્રત - ૪ શિક્ષાવ્રત) વિષે દરેકના પાંચ પાંચ અતિચાર હવે ક્રમસર કહેવાશે.

૨૦. પહેલા વ્રતના - (૧) ગાઢ બંધને બાંધવું (૨) ચાબુક વગેરેથી નિર્દયપણે મારવું (૩) ચામડી કાપવી (૪) અતિભાર લાદવો અને (૫) અન્ન પાણી વેળાસર ન આપવાં - આ પાંચ અતિચાર છે.

૨૧. બીજા વ્રતના - (૧) ખોટી સલાહ કે નિરર્થક પાપોપદેશ આપવો (૨) સ્ત્રી-પુરૂષની ગુપ્ત બાબત

૨૨. સ્તેનપ્રયોગ તદાહૃતાદાન – વિરુદ્ધરાજ્યાતિ-
ક્રમહીના–ધિકમાનોન્માન–પ્રતિરૂપકવ્યવહારાઃ

૨૩. પરવિવાહકરણેત્વર પરિગૃહીતા પરિગૃહીતા-
ગમના – ડનંગક્રીડા – તીવ્રકામાભિનિવેશાઃ

---

અંગે ખોટું આળ દેવું (૩) જુઠા લેખ કરવા (૪) થાપણ ઓળવવી (૫) ચાડી કરવી કે ગુપ્ત વાત બીજાને કહેવી – આ પાંચ અતિચાર છે.

૨૨. ત્રીજા વ્રતના – (૧) ચોરને પ્રેરણા, સહાય કે સંમતિ દેવી (૨) ચોરે ચોરી લાવેલું લેવું (૩) પરસ્પર વિરોધી રાજાએ કરેલી વ્યવસ્થાનું ઉલ્લંઘન (૪) ઓછાવત્તા માપથી લેવડ દેવડ કરવી અને (૫) માલમાં સરખી હલકી વસ્તુ ભેળસેળ કરી વેપાર કરવો – આ પાંચ અતિચાર છે.

૨૩. ચોથા વ્રતના – (૧) પારકા છોકરા છોકરીના વિવાહ કરવા (૨) થોડો કાળ બીજાએ ભાડે રાખેલ વેશ્યાનું સેવન (૩) કોઈની માલિકી

૨૪. ક્ષેત્ર, વાસ્તુ-હિરણ્યસુવર્ણ-ધનધાન્ય-દાસી-દાસ-કુપ્યપ્રમાણાતિક્રમઃ

૨૫. ઉર્ધ્વાડધાસ્તિર્યગ્વ્યાતિક્રમક્ષેત્રવૃદ્ધિ-સ્મૃત્યન્તર્ધાનાનિ

---

વિનાની સ્ત્રીનું સેવન (૪) કામના અંગ વિના અન્યથી કામક્રીડા કરવી અને (૫) વિહ્વળતાભરી અત્યંત કામની અભિલાષા આ પાંચ અતિચાર છે.

૨૪. પાંચમા વ્રતના – (૧) જમીન, મકાન વગેરે (૨) ચાંદી, સોનું ઝવેરાત વગેરે (૩) ધન, પશુઓ, ધાન્ય (૪) દાસદાસી વગેરે અને (૫) ધાતુઓ, દાંત વગેરેના વાસણ, લક્કડકામ વગેરેનું રાખેલું પ્રમાણ ઓળંગી જવું – એ પાંચ અતિચાર છે.

૨૫. છઠ્ઠા દિક્પરિમાણ નામના ગુણવ્રતના પાંચ અતિચાર – (૧) ઉંચે (૨) નીચે અને (૩) તીર્છું જવાના કરેલા નિયમના પરિમાણનું ઉલ્લંઘન

૨૬. આનયન-પ્રેષ્યપ્રયોગ-શબ્દ-રૂપાનુપાત-પુદ્ગલક્ષેપાઃ

૨૭. કન્દર્પ-કૌત્કુચ્ય-મૌખર્યા-ડસમીક્ષ્યાડધિ-કરણો પભોગાડધિકત્વાનિ

---

(૪) એક દિશાનું પરિમાણ ઘટાડી બીજી દિશાના ક્ષેત્રપરિમાણની વૃદ્ધિ કરવી, અને (૫) કરેલું વ્રતનું પરિમાણ ભૂલી જવું.

૨૬. દશમા દેશાવગાશિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર – (૧) મર્યાદિત ક્ષેત્રની બહારથી કાંઈ મંગાવવું કે (૨) ત્યાં નોકર વગેરે કોઈ કાર્ય અંગે મોકલવો; નિયમિત ક્ષેત્રની બહાર રહેલાને પોતાની હયાતી બતાવવા કે નજીક બોલાવવા (૩) ખોંખારો, ઉંચો શ્વાસ વગેરે કરવો (૪) સ્વશરીર દેખાડવું કે (૫) બહાર કાંકરો વગેરે નાંખવું.

૨૭. આઠમા અનર્થદંડવિરમણ ગુણવ્રતના પાંચ અતિચાર – (૧) કંદર્પ એટલે કામરાગથી બોલાતાં

૨૮. યોગદુષ્પ્રણિધાના-ડનાદર-સમૃત્યનુપ-
સ્થાપનાનિ

---

અસભ્ય વચન કે હાસ્યપ્રયોગ (૨) કૌત્કુચ્ય એટલે ભાંડની માફક અંગોપાંગની કુચેષ્ટા સાથે સરાગ વચન કે હાસ્યપ્રયોગ (૩) મૌખર્ય એટલે પ્રસંગ વિનાનું નિરર્થક બોલવાપણું (૪) અસમીક્ષ્યા- ધિકરણ એટલે પોતાના લાભનો વિચાર કર્યા વિના (લાભ ન હોય છતાં) જીવઘાતક મુશલ ઘંટી વગેરે ઓજારો બીજાને આપવા (૫) ઉપભોગાધિકત્વ એટલે પોતાના આવશ્યક સ્નાનાદિ ઉપભોગ ઉપરાંત નિરર્થક અધિક પ્રવૃત્તિઓ રાખવી.

૨૮. નવમા સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર - (૧-૩) મન-વચન-કાયાની દુષ્ટ (અશુભ) પ્રવૃત્તિ (૪) સામાયિક વિષે અનુપયોગ, અનુત્સાહ, નિયતવેળાએ ન કરવું, વગેરે અને (૫) સામાયિક કર્યું કે ન કર્યું વગેરે અંગે વિસ્મરણ થવું તે.

૨૯. અપ્રત્યવેક્ષિતા-ઽપ્રમાર્જિતોત્સર્ગા-ઽઽદાનનિક્ષેપસંસ્તા-રોપક્રમણા-ઽનાદર-સ્મૃત્યનુપસ્થાપનાનિ

૩૦. સચિત્ત-સંબદ્ધ-સંમિશ્રા-ઽભિષવ-દુષ્પક્વા-હારાઃ

---

૨૯. અગ્યારમા પૌષધ શિક્ષાવ્રતના પાંચ અતિચાર - (૧) બરાબર જોયા કે પ્રમાર્જ્યા વિના આ ત્રણ (૧) જ્યાંત્યાં શરીરનો મળ તજવો (૨) વસ્તુ લેવી મૂકવી અને (૩) સંથારો પાથરવો, તેમજ (૪-૫) અનાદર, સ્મૃત્યનુપસ્થાપન ઉપર મુજબ.

૩૦. સાતમા ઉપભોગપરિભોગ-પરિમાણ ગુણવ્રતના પાંચ અતિચાર - (૧) સચિત્ત (સજીવ)નું (૨) સચિત્ત બીજ વગેરેના સંબંધવાળા પાકા ફળાદિનું (૩) અન્ય સચિત્ત વસ્તુ સાથે મિશ્રિત અચિત્તનું (૪) અભિષવ એટલે મદિરા, માંસ, મધ વગેરે, તેનું અને (૫) બરાબર ન રંધાયેલાનું (સચિત્તાચિત્તનું) ભક્ષણ.

૩૧. સચિત્તનિક્ષેપ-પિધાન-પરવ્યપદેશ-માત્સર્ય-કાલાતિક્રમાઃ

૩૨. જીવિત-મરણા-ऽऽશંસા-મિત્રાનુરાગ-સુખાનુબન્ધ-નિદાનકરણાનિ

---

૩૧. બારમા અતિથિસંવિભાગ શિક્ષાવ્રતના પાંચ અતિચાર - સાધુને ન આપવાની બુદ્ધિએ (૧) કલ્પ્ય આહારને બીજી સચિત્ત વસ્તુ પર મૂકી દેવો (૨) સચિત્તથી ઢાંકી દેવો (૩) પોતાની વસ્તુને પારકી તરીકે કહેવી, અથવા બીજા પાસે માગવા જવા કહેવું, તેમજ (૪) બીજા દાતાની હરિફાઈ ઈર્ષ્યાથી કે કષાય ભરેલા ચિત્તે અને (૫) સાધુની ભિક્ષાના અનવસરે સાધુને નિમંત્રવા.

૩૨. સંલેખનાના પાંચ અતિચાર - (૧) અધિક જીવવાની અભિલાષા (૨) મરણની ઈચ્છા (૩) મિત્રાદિ ઉપર સ્નેહ (૪) પૌદ્‌ગલિક સુખની સ્મૃતિ અને (૫) ચક્રવર્તી આદિ બનવાનું નિયાણું કરવું તે.

૩૩. અનુગ્રહાર્થં સ્વસ્યાતિસર્ગો દાનમ્

૩૪. વિધિ-દ્રવ્ય-દાતૃ-પાત્ર-વિશેષાત્ તદ્વિશેષઃ

---

૩૩. સ્વ-પરના ઉપકાર માટે પોતાની માલિકીની ઉચિત વસ્તુનો પાત્રમાં ત્યાગ એ દાન કહેવાય.

૩૪. દેવાનો પ્રકાર, દેવાની વસ્તુ, દાતા અને જેને દેવું છે તે પાત્ર - આ ચારની વિશેષતાથી દાન વિશેષતાવાળું બને છે.

# અધ્યાય - ૮

૧. મિથ્યાદર્શના-ડવિરતિ-પ્રમાદ-કષાય-યોગા-બન્ધ-હેતવઃ

૨. સકષાયત્વાજ્જીવઃ કર્મણો યોગ્યાન્પુગલાનાદત્તે

૩. સ બન્ધઃ

---

૧. બંધતત્ત્વ-મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ (સ્મૃતિભ્રંશ, શુભ કાર્યે અનાદર, યોગદુષ્પ્રણિધાન વગેરે), કષાય અને યોગ - એ પાંચ કર્મબંધના કારણો છે.

૨. જીવ કષાયવાળો થવાથી કર્મરૂપે બને તેવા કાર્મણ વર્ગણાના પુદ્ગલો લે છે.

૩. લીધેલા અને આત્મપ્રદેશની સાથે લોહઅગ્નિની જેમ એકમેક કરેલા કર્મના પરિણામને (કર્મના અને જીવના અન્યોન્ય મિલનને) બંધ કહે છે.

૪. પ્રકૃતિ-સ્થિત્યનુભાવ-પ્રદેશાસ્તદ્વિધયઃ
૫. આદ્યો જ્ઞાનદર્શનાડડવરણ-વેદનીય-મોહનીયાડડયુષ્ક-નામ-ગોત્રા-ડન્તરાયાઃ
૬. પંચ-નવ-દ્વયષ્ટાવિંશતિ-ચતુર્દ્વિચત્વારિંશદ્દ્વિ-પંચ-ભેદા યથાક્રમમ્

---

૪. તે બંધના પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એ ચાર પ્રકાર છે. (પ્રકૃતિબંધ - કર્મ કેવા કેવા સ્વભાવવાળા બંધાયા તે. સ્થિતિબંધ - કર્મપુદ્ગલોના ટકવાનો કાળ કેટલો નક્કી થયો. અનુભાવબંધ - કર્મપુદ્ગલોના શુભાશુભ-મંદતીવ્ર રસનું નક્કી થવું. પ્રદેશબંધ - કર્મપુદ્ગલના દળનું પરિમાણ.)
૫. પહેલો પ્રકૃતિબંધ ૮ પ્રકારે - જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય.
૬. જ્ઞાનાવરણ આદિ આઠ મૂળ કર્મ પ્રકૃતિના અનુક્રમે ૫, ૯, ૨, ૨૮, ૪, ૪૨, ૨ અને ૫ ભેદો છે.

૭. મત્યાદિનામ્

૮. ચક્ષુરચક્ષુરવધિ–કેવલાનાં–નિદ્રા–નિદ્રાનિદ્રા–પ્રચલા–પ્રચલા–પ્રચલા–સ્ત્યાનગૃદ્ધિ–વેદની–યાનિ ચ

---

૭. મતિ વગેરે પાંચ જ્ઞાનના પાંચ આવરણ છે.

૮. ચક્ષુ–દર્શન, અચક્ષુ (ચક્ષુને છોડી બીજી ઇંદ્રિયથી થતું) દર્શન, અવધિદર્શન અને કેવલદર્શનના રોકનારા ચાર દર્શનાવરણ, અને નિદ્રાવેદનીય (સુખે જગાય તે), નિદ્રાનિદ્રા–વેદનીય (દુઃખે જગાય તે), પ્રચલા–વેદનીય (ઊભા ઉંઘ આવે તે), પ્રચલા–પ્રચલા–વેદનીય (ચાલતાં ઉંઘ આવે તે), અને સ્ત્યાનગૃદ્ધિ–વેદનીય (એવી ઉંઘ આવે કે જેમાં આત્મા અતિમૂઢ ચૈતન્યવાળો, અને હાથીના દાંત, વૃક્ષની શાખા તોડવા વગેરેની અભિલાષા તથા વાસુદેવ જેવા બળવાળો બને) – આ નવ પ્રકાર દર્શનાવરણના છે.

૯. સદસદ્વેદ્યે

૧૦. દર્શન–ચારિત્રમોહનીય–કષાય–નોકષાયવેદનીયાખ્યાસ્ત્રિ–દ્વિ–ષોડશ–નવ–ભેદાઃ સમ્યક્ત્વ–મિથ્યાત્વ–તદુભયાનિ કષાય–નોકષાયાવનન્તાનુબન્ધ્ય–પ્રત્યાખ્યાન–પ્રત્યાખ્યાનાવરણ–સંજ્વલન–વિકલ્પાશ્ચૈકશઃ ક્રોધ–માન–માયા–લોભાઃ હાસ્ય–રત્યરતિ–શોક–ભય–જુગુપ્સા–સ્ત્રી–પું–નપુંસકવેદાઃ

---

૯. શાતા વેદનીય અને અશાતા વેદનીય એમ બે પ્રકારે વેદનીય કર્મ છે.

૧૦. મોહનીયના મુખ્ય બે પ્રકાર : દર્શનમોહનીય (સર્વજ્ઞોક્ત તત્ત્વની શ્રદ્ધા ન થવા દેનારૂં) અને ચારિત્રમોહનીય (વ્રત અને વીતરાગભાવને રોકનારું) એમાં ચારિત્રમોહનીય એ કષાય અને નોકષાય (વેદનીય – તે રુપે અનુભવાતું) એમ બે પ્રકારે છે. દર્શનમોહનીય ત્રણ પ્રકારે,

ચારિત્રમોહ. બે પ્રકારે, કષાય સોળ પ્રકારે, અને નોકષાય નવ પ્રકારે છે. સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય, અને સમ્યક્ મિથ્યાત્વ એટલે કે મિશ્રમોહનીય - એ ત્રણ ભેદે દર્શનમોહ. છે. કષાય મુખ્ય ચાર પ્રકારે - (૧) અનંતાનુબંધિ (સંસાર પરંપરાનો સાધક, સમ્યકત્વનો વિરોધી (૨) અપ્રત્યાખ્યાન (દેશવિરતિનો વિરોધી) (૩) પ્રત્યાખ્યાનાવરણ (સર્વવિરતિનો વિરોધી) અને (૪) સંજ્વલન (વીતરાગતાનો વિરોધી) વળી એ દરેક પ્રકાર, ક્રોધ, માન, માયા, લોભ એમ ચાર ભેદે. નોકષાયના હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા (દુગંછા) એ છ, તથા સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ એ ત્રણ - એમ નવ પ્રકારે.

૧૧. આયુ-કર્મ ચાર પ્રકારે નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ.

૧૨. ગતિ–જાતિ–શરીરાંગોપાંગ–નિર્માણ–બન્ધન–સંઘાત–સંસ્થાન–સંહનન–સ્પર્શ–રસ–ગન્ધ–વર્ણાઽઽનુપૂર્વ્ય–ગુરુલઘુપઘાત–પરાઘાતાઽઽ–તપોદ્યોતોચ્છ્વાસ–વિહાયોગતયઃ પ્રત્યેકશરીર–ત્રસ–સુભગ–સુસ્વર–શુભ–સૂક્ષ્મ–પર્યાપ્ત–સ્થિરા–ઽઽદેય–યશાંસિ સેતરાણિ તીર્થકૃત્ત્વં ચ.

---

૧૨. નામ કર્મના ૪૨ પ્રકાર : (૧) ગતિ (નરક આદિ ૪), (૨) જાતિ (એકેન્દ્રિય વગેરે ૫), (૩) શરીર (ઔદારિક વગેરે ૫), (૪) અંગોપાંગ (ઔદારિક આદિ ત્રણના), (૫) નિર્માણ (તે તે સ્થલે ઈંદ્રિયાદિને રચનાર), (૬) બંધન પાંચ (લાખની જેમ ઔદારિકાદિ પુદ્‌ગલને પરસ્પર જોડી રાખનાર), (૭) સંઘાત (બાંધેલા પુદ્‌ગલોની તેવી તેવી રચના કરનાર – પાંચ ભેદે), (૮) સંસ્થાન (આકૃતિ–૬), (૯) સંઘયણ (હાડકાંનો બંધ – ૬), (૧૦) સ્પર્શ, (૧૧) રસ, (૧૨)

ગંધ, (૧૩) વર્ણ, (૧૪) આનુપૂર્વી (વક્રગતિમાં દોરનાર-૪), (૧૫) અગુરુલઘુ (૧૬) ઉપઘાત (જેનાથી અંગોપાંગને ઉપઘાત થાય તે), (૧૭) પરાઘાત (બીજાને આંજનારૂં ઓજસ પેદા કરે), (૧૮) આતપ (બીજાને ગરમી ઉપજાવવાની શક્તિ આપનાર), (૧૯) ઉદ્યોત (પ્રકાશનું પુદ્ગલ લેવાનું સામર્થ્ય જન્માવનાર), (૨૧) વિહાયોગતિ (ચાલવાની ઢબ-૨) પ્રત્યેક શરીર નામકર્મ વગેરેના વિપક્ષસહિત નામ આ પ્રમાણે : (૨૨) પ્રત્યેક શરીર (જીવ દીઠ જુદું શરીર કરે), (૨૩) સાધારણ શરીર, (૨૪) ત્રસ, (૨૫) સ્થાવર, (૨૬) સુભગ (સૌભાગ્ય આપનાર), (૨૭) દુર્ભગ, (૨૮) સુસ્વર, (૨૯) દુઃસ્વર, (૩૦) શુભ (સારા અવયવને કરનારૂં), (૩૧) અશુભ, (૩૨) સૂક્ષ્મ (સૂક્ષ્મ શરીરને પેદા કરનાર), (૩૩) બાદર, (૩૪) પર્યાપ્તા (આહારગ્રહણ, શરીરકરણ વગેરે ક્રિયાની શક્તિના કાર્ય સંપૂર્ણ કરનાર), (૩૫) અપર્યાપ્ત,

૧૩. ઉચ્ચૈર્નીચૈશ્ચ

૧૪. દાનાદીનામ્

૧૫. આદિતસ્તિસૃણામન્તરાયસ્ય ચ ત્રિંશત્સાગરોપમ-કોટી-કોટ્યઃ પરા સ્થિતિઃ

---

(૩૬) સ્થિર, (જેનાથી હાડ, દાંત વગેરે સ્થિર રહે), (૩૭) અસ્થિર, (૩૮) આદેય જેનાથી પોતાનું વચન બીજાને માન્ય બને, (૩૯) અનાદેય, (૪૦) યશ, (૪૧) અપયશ, (૪૨) તીર્થંકર નામ કર્મ.

૧૩. ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એમ બે પ્રકારે ગોત્ર કર્મ છે.

૧૪. દાન વગેરે પાંચ લબ્ધિનું વિરોધી પાંચ પ્રકારે અંતરાય કર્મ છે. (દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય)

૧૫. પહેલેથી ત્રણ કર્મની – જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વેદનીયકર્મની – તેમજ અંતરાયકર્મની

૧૬. સપ્તતિર્મોહનીયસ્ય

૧૭. નામ-ગોત્રયોર્વિંશતિઃ

૧૮. ત્રયસ્ત્રિંશત્સાગરોપમાણ્યાયુષ્કસ્ય

૧૯. અપરા દ્વાદશ-મુહૂર્તા વેદનીયસ્ય

૨૦. નામ-ગોત્રયોરષ્ટૌ

---

ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોટિ કોટિ સાગરોપમની હોય છે.

૧૬. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોટિ કોટિ.

૧૭. નામકર્મ અને ગોત્રકર્મની ૨૦ કોટિ કોટિ.

૧૮. આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ હોય છે.

૧૯. વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ ૧૨ મુહૂર્ત હોય છે. (૧ મુહૂર્ત - ૨ ઘડી)

૨૦. નામ-ગોત્ર કર્મની જઘન્ય સ્થિતિ ૮ મુહૂર્ત.

૨૧. શેષાણામન્તર્મુહૂર્તમ્

૨૨. વિપાકોડનુભાવઃ

૨૩. સ યથાનામ

૨૪. તતશ્ચ નિર્જરા

---

૨૧. બાકીના ચાર ઘાતિ જ્ઞાના., દર્શના., મોહ. અને અંતરાયની તથા આયુની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્ત હોય છે.

૨૨. અનુભાવ એટલે તીવ્ર કે મંદ અજ્ઞાનાદિ ફલ નીપજાવનાર તે તે કર્મ પ્રકૃતિઓના વિવિધ સામર્થ્યનો ઉદય (પરિપાક).

૨૩. તે અનુભાવ કર્મના પોતપોતાના નામના અનુસારે ઉદય પામે છે.

૨૪. એ અનુભાવે ઉદય આવેલા કર્મનો ભોગવાઈ ને ક્ષય (નિર્જરા) થાય છે. (અહિં ક્ષય એટલે તે પુદ્ગલનો સર્વનાશ નહિ, કિંતુ આત્માના કર્મ તરીકેનો નાશ)

૨૫. નામપ્રત્યયાઃ સર્વતો યોગ-વિશેષાત્ સૂક્ષ્મૈકક્ષેત્રાડડવગાઢ -સ્થિતાઃ સર્વાત્મ-પ્રદેશે-ષ્વનન્તાન્તપ્રદેશાઃ

---

૨૫. (કર્મ જે બંધાય છે તે) (૧) નામકર્મ (ગતિ, જાતિ, ઔદારિક શરીર વગેરે) નું નિમિત્ત પામીને, અને (૨-૩) સર્વતઃ - આત્મપ્રદેશોની આજુબાજુની સર્વ દિશામાં રહેલ એટલે કે સર્વ આત્મપ્રદેશની સાથે રહેલ કાર્મણ પુદ્ગલો, યોગ વિશેષથી - મન, વચન, કાયાની તેવી તેવી પ્રવૃત્તિઓના અનુસારે, ગ્રહણ કરાઈને. ગ્રહણ કરાતા આ કાર્મણ પુદ્ગલો, (૪) ઔદારિકથી મન સુધીના પુદ્ગલ કરતાંય સૂક્ષ્મ, (૫-૬) જીવપ્રદેશે અવગાહેલા જ ક્ષેત્રમાં સ્થિર રહેલા, (૭) આત્માના સર્વપ્રદેશે બંધાનારા અને (૮) સ્વયં અનંતાનંત પ્રદેશવાળા (અનંતાનંત પરમાણુ ભેગા થઈ બનેલા સ્કંધ રૂપ) હોય છે.

૨૬. સદ્વેદ્ય-સમ્યક્ત્વ-હાસ્ય-રતિ-પુરુષવેદ-શુભાયુર્નામ-ગોત્રાણિ પુણ્યમ્

---

૨૬. (આઠે કર્મની ઉત્તર પ્રકૃતિઓમાંથી) શાતા વેદનીય, સમ્યક્ત્વમોહનીય, હાસ્ય-રતિ-પુરુષવેદ એ નોકષાયો, શુભ (મનુષ્ય-દેવનું) આયુ, ગતિ, જાતિ, વગેરેમાંની શુભ નામ કર્મની પ્રકૃતિઓ, અને ઉચ્ચ ગોત્ર એ પુણ્ય કહેવાય છે, (કર્મગ્રંથ મતે આમાં મોહનીયની ચાર પ્રકૃતિ એ પાપ છે, અને તિર્યંચાયુ એ પુણ્ય છે.)

## અધ્યાય - ૯

૧. આસ્ત્રવ-નિરોધઃ સંવરઃ

૨. સ ગુપ્તિ-સમિતિ-ધર્માનુપ્રેક્ષા-પરીષહ-જય-ચારિત્રૈઃ

૩. તપસા નિર્જરા ચ

---

૧. કષાય યોગ વગેરે આસ્ત્રવને અટકાવવા તે સંવર કહેવાય, (કર્મબંધના કારણભૂત તથા પ્રકારના આત્મા તથા પુદ્ગલના પરિણામનો અભાવ એ સંવર).

૨. **સંવર**, એ ગુપ્તિ (યોગસંરક્ષણ), સમિતિ (સમ્યક્ચેષ્ટા), ધર્મ (ક્ષમાદિ), અનુપ્રેક્ષા (અનિત્યતા આદિનું ચિંતન), પરીષહજય (ક્ષુધાદિ પીડામાં સહિષ્ણુતા) અને ચારિત્રથી થાય છે, (તેમજ)

૩. તપથી પણ સંવર થાય છે, અને તપથી નિર્જરા પણ થાય છે.

૪. સમ્યગ્યોગનિગ્રહો ગુપ્તિઃ

૫. ઈર્યાભાષૈષણા-ऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः

---

૪. ગુપ્તિ એટલે મનવચનકાયાના યોગોનો હેયઉપાદેયના વિવેકપૂર્વક પ્રશસ્ત (મોક્ષના ઈરાદે) નિગ્રહ (નિયમન-શાસ્ત્ર વિધિએ માર્ગમાં સ્થાપન કરવાવાળું ઉન્માર્ગથી નિવારણ એ ત્રણ પ્રકારે છે.)

૫. **સમિતિ** પાંચ - ઈર્યા સમિતિ (સંયમના અવશ્ય કાર્ય માટે, જીવરક્ષાર્થે ધુંસરી પ્રમાણભૂમિને જોવાના જ ઉપયોગ સાથે ચાલવું), ભાષા સમિતિ (હિત, નિરવદ્ય અને શંકા વિનાની એવી પ્રિય વસ્તુ જ પરિમિત બોલવી), એષણા સમિતિ (ધર્મની સામગ્રી, અન્ન, વસ્ત્ર, પાત્ર મુકામ - વગેરે મેળવવા ભોગવવામાં દોષ ટાળવા), આદાન-નિક્ષેપ સમિતિ (જોઈ પ્રમાર્જીને ધર્મ સામગ્રી લેવી - મૂકવી), ઉત્સર્ગ-પારિષ્ઠાપનિકા સમિતિ (નિર્જીવ ભૂમિ પર જોઈ પ્રમાર્જીને લઘુનીતિ, વડીનીતિ વગેરે તજવું).

૬. ઉત્તમઃ ક્ષમા-માર્દવા-ऽऽર્જવ-શૌચ-સત્ય-સંયમ-તપસ્ત્યાગા-ऽऽકિંચન્ય-બ્રહ્મચર્યાણિ ધર્મઃ

---

૬. (૧) **ક્ષમા**, (૨) **નમ્રતા**, (૩) **સરલતા**, (૪) ધર્મના સાધન પર પણ અનાસક્તિ એ **શૌચ**, (૫) **નિષ્પાપ વચન**, (૬) યોગ ઇંદ્રિય વગેરેનો પ્રશસ્ત વિગ્રહ સ્વરૂપ **સંયમ**, (૭) બાહ્યઅભ્યન્તર **તપ**, (૮) બાહ્ય (રજોહરણાદિ) અને અભ્યન્તર (યોગ-કષાયરૂપ) ઉપધિ અંગો દોષોનો **ત્યાગ**, (૯) **આકિંચન્ય** એટલે શરીર-ઉપકરણ ઉપર પણ નિર્મમત્વને લઈને **નિષ્પરિગ્રહતા**, (૧૦) મૈથુનવિરતિ, જ્ઞાન અને કષાયનિવૃત્તિનો સાધક ગુરુકુલવાસ એ **બ્રહ્મચર્ય**-આત્મરમણ, આ દશ પ્રકારનો શ્રેષ્ઠ ગુણવાળો **યતિધર્મ** છે.

૭. અનિત્યા-ડશરણ-સંસારૈકત્વા-ડન્યત્વા-ડશુચિત્વા-ડડસ્રાવ-સંવર-નિર્જરા-લોકબોધિદુર્લભ-ધર્મસ્વાખ્યાત-તત્ત્વાનુચિન્તનમનુપ્રેક્ષાઃ

---

૭. અનુપ્રેક્ષા અનિત્ય, અશરણ વગેરેના સ્વરૂપની વિચારણા ૧૨ : (૧) **અનિત્ય** - આન્તર-બાહ્ય સર્વ સંયોગો અનિત્ય છે, એ ચિંતવવું. (૨) **અશરણ** - ભૂખ્યા સિંહ આગળ હરણની જેમ જીવને જન્મ મરણ રોગાદિ દુઃખથી બચવા સંસારમાં કોઈ શરણ નથી, એ ભાવવું. અશરણથી ઉદ્વિગ્ન બનેલો સાંસારિક સુખ સામગ્રી પરથી આસક્તિ તજી જ્ઞાન ચારિત્રમાં ઉદ્યમ કરે છે. (૩) **સંસાર** - વળી વિચારે કે અનાદિ સંસારમાં ચક્રની જેમ નારક વગેરે અનેક ભાવોમાં ફરતા જીવને સર્વ જીવો પોતાના સંબંધી તેમજ પારકા બનેલા છે. ચોરાશીલાખ યોનિમાં રાગદ્વેષમોહથી જીવો એકબીજાને ભયંકર દુઃખો

દે છે. અહો વધબંધ, રોગશોક શીતઉષ્ણાદિ દ્વન્દ્વોથી કષ્ટમય સંસાર ! એમ ત્રાસેલો નિર્વેદ પામી સંસાર નાશ માટે ઉદ્યમ કરે. (૪) **એકત્વ** ભાવના - હું એકલો છું, એકલો જન્મ્યો છું અને એકલો મરીશ, એકલો જ પોતાના કર્મના દારૂણ વિપાક ભોગવીશ, કોઈ ભાગ નહિ પડાવે - આ વિચારે એથી સંબંધી પર રાગ અને શત્રુ પર દ્વેષ ન કરતો નિઃસંગ બની મોક્ષ માટે પ્રવર્તે. (૫) **અન્યત્વ** - અનિત્ય, અજ્ઞ, અને પ્રત્યક્ષ શરીર જુદું છે જ્યારે નિત્ય, સજ્ઞાન અને ચક્ષુથી અદૃશ્ય હું આત્મા જુદો છું. શરીર અનંતા થયા, હું એનો એજ છું આ ચિંત્વનથી શરીરમૂર્ચ્છા તજી નિત્ય આત્મા માટે યત્ન કરે. (૬) **અશુચિપણું** - આ શરીર અશુચિ રજોવીર્યમાંથી જન્મ્યું, આહારના અશુચિ પરિણામથી વધ્યું, સ્વયં મળનો ભંડાર, બીજા પવિત્ર પદાર્થને પણ મળ રૂપ કરે, વગેરે કારણોને લઈને કેવળ મલીન છે, આ વિચારી શરીરને

દમે. (૭) **આસ્રવ** – ઇંદ્રિય આદિ આસ્રવો આ લોક પરલોકમાં બહુ દુઃખ દેનારા છે. જીવને સન્માર્ગમાંથી ભ્રષ્ટ કરી નદીની જેમ તાણી જાય છે. ઇત્યાદિ વિચારથી આસ્રવ તજાય છે. (૮) **સંવર** – મહાવ્રત, સમિતિ, ગુપ્તિ વગેરે સંવર આદરવાથી આસ્રવના દોષો નથી લાગતા અને મોક્ષ સુધીના અનેક ગુણ મળે છે. આ વિચાર સંવર તરફ પ્રેરે છે. (૯) **નિર્જરા**– વિના ઇચ્છાએ સહાતી નરકાદિની પીડાથી થતી કર્મનિર્જરા સંસારભ્રમણ નથી અટકાવતી, જ્યારે કર્મક્ષયની ઇચ્છાથી કરાતા તપ, પરીષહજય વગેરે પુણ્યબંધ અને નિર્જરા કરાવી ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે છે – આ વગેરે ગુણો વિચારી નિર્જરા માટે યત્ન કરે. (૧૦) **લોકભાવના** – જીવ પુદ્ગલ વગેરે પાંચઅસ્તિકાયમય લોકના વિવિધ ભાવ, ઉત્પત્તિ-સ્થિતિનાશ –વગેરે વિચિત્રતા વિચારતો તત્ત્વજ્ઞાનને નિર્મલ અને ઉન્નત કરે.

૮. માર્ગાડચ્યવન-નિર્જરાર્થં પરિષોઢવ્યાઃ પરીષહાઃ

---

(૧૧) **બોધિદુર્લભ** – 'અનાદિ સંસારમાં ભટકતા, અનેક દુઃખોમાં ડૂબતા અને અજ્ઞાનમિથ્યા-જ્ઞાનાદિથી પીડાતા જીવને સમ્યક્ત્વરૂપ બોધિ દુષ્પ્રાપ છે' એ વિચારી બોધિ મેળવી પ્રમાદ ન સેવાય. (૧૨) **ધર્મસ્વાખ્યાત** – 'સમ્યગ્દર્શન મૂલક પંચ-મહાવ્રત ધર્મ સંસારથી પાર ઉતારી મોક્ષ પ્રાપ્ત કરાવનારો, અહો ! સર્વજ્ઞ પ્રભુએ, કેવો સુંદર ઉપદેશ્યો છે !' આ વિચારી શુદ્ધ મોક્ષમાર્ગમાંથી ન ખસવામાં અને એને આરાધવામાં ઉજમાળ બને.

૮. મોક્ષમાર્ગથી ન ચસકવા અને જ્ઞાનાવરણાદિ કર્મનો ભૂક્કો કરવા માટે જે સહન કરવા જોઈએ તેને પરીષહ કહે છે.

૯. ક્ષુત્-પિપાસા-શીતોષ્ણ-દંશમશક-નાગ્ન્યાઽરતિ-સ્ત્રી-ચર્યા-નિષદ્યા-શય્યાઽઽક્રોશ-વધ-યાચનાઽલાભ રોગ-તૃણસ્પર્શ-મલ-સત્કાર-પુરસ્કાર-પ્રજ્ઞાઽજ્ઞાના-ઽદર્શનાનિ

---

૯. **ક્ષુધા-તૃષા-ઠંડી-ગરમી-ડાંસમચ્છરના ચટકા-અલ્પજીર્ણ વસ્ત્રતા કે નગ્નતા - આ છને કર્મક્ષયમાં** સહાયક માની, ધર્મરક્ત બની સમ્યગ્ રીતે સહન કરવા, **અરતિ** (ઉદ્વેગ) થતાં ધર્મધૈર્ય ધરવું, **સ્ત્રીના** અંગોપાંગચેષ્ટા વગેરેનો વિચાર સરખો ન કરવો, આળસ તજી ગામનગરોમાં નિર્મમપણે અનિયત વાસ કરવા વગેરેની **ચર્યા**, સ્ત્રી પશુ આદિ દોષોથી રહિત **સ્થાનને** ઉપસર્ગમાંય ઉદ્વેગ વિના સેવવું, મૃદુ-કઠીન, ઉંચા-નીચા **સંથારો** પાટ વગેરે, કે ધૂળભરેલો ગરમીવાળો ઉપાશ્રય પામી ખિન્ન ન થવું, કોઈનાં **અનિષ્ટ વચનો**, લાતચાબુક વગેરેના **પ્રહાર** સમભાવે

સહવા, અભિમાન, દીનતા વગેરે તજી **ભિક્ષાવૃત્તિ** આદરવી, ભિક્ષામાં **લાભ ન થયે** સમભાવ (અવિકૃતચિત્ત) જાળવવો, **રોગ**-**દર્ભઘાસ**ના કઠીન **સ્પર્શ**-પરસેવા સાથે શરીર પર ચોંટી ગયેલ ધૂળથી જામેલા **મળ**ની ઉનાળામાં જણાતી દુર્ગન્ધ આહારવસ્ત્રાદિના દાનથી **સત્કાર** અને વંદનાપ્રશંસાદિથી **પુરસ્કાર** કોઈ કરે કે ન કરે તે રોગાદિ સૌમાં રાગદ્વેષ ન ધરવો, **તીક્ષ્ણબુદ્ધિ**નો ગર્વ ન કરવો, **અજ્ઞાન** અંગે પરથી થતા પરાભવ વગેરેનો સંતાપ ન કરતાં કર્મપરિણામ ચિંતવવા 'આટલો ધર્મ હું કરૂં છું પણ કોણ જાણે પુણ્યપાપ, સ્વર્ગનરક વગેરે સાચું હશે કે કેમ' ઈત્યાદિ ઉઠતી તત્ત્વોની **અશ્રદ્ધા** કે શંકાને યુક્તિથી, વીતરાગ સર્વજ્ઞવક્તા ઉપરના વિશ્વાસથી, અને મહાબુદ્ધિમાન્ ત્યાગી મહર્ષિઓએ એ તત્ત્વો સ્વીકાર્યાનું યાદ કરીને નિર્મૂલ કરવી, આ ૨૨ પરીષહ-જય.

૧૦. સૂક્ષ્મસંપરાય-ચ્છદ્મસ્થવીતરાગયોશ્ચતુર્દશ

૧૧. એકાદશ જિને

૧૨. બાદર-સંપરાયે સર્વે

૧૩. જ્ઞાનાવરણે પ્રજ્ઞા-ડજ્ઞાને

---

૧૦. સૂક્ષ્મસંપરાય (૧૦ મે ગુણઠાણે) અને અસર્વજ્ઞ વીતરાગને (૧૧-૧૨મે ગુણઠાણે) ૧૪ પરીષહ હોય છે, ૧ થી ૫-૯-૧૧-૧૩-૧૫ થી ૧૮-૨૦-૨૧ મો.

૧૧. વીતરાગ (કેવલજ્ઞાની) ને ૧૧ પરીષહ-પૂર્વના ૧૪માંથી ૧૫-૨૦-૨૧માં બાદ કરીને.

૧૨. બાદરસંપરાયી (સ્થૂલકષાયી) ને બાવીસે પરીષહો સંભવે.

૧૩. જ્ઞાનાવરણકર્મના ઉદયકાળે પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહો હોય, (ક્ષયોપશમ વખતે પણ ઉદય હોય છે.)

૧૪. દર્શનમોહા-ડન્તરાયયોરદર્શના-ડલાભૌ

૧૫. ચારિત્રમોહે નાગ્ન્યાડરતિ-સ્ત્રી-નિષદ્યા-
ડડક્રોશ-યાચના-સત્કારપુરસ્કારાઃ

૧૬. વેદનીયે શેષાઃ

૧૭. એકાદયો ભાજ્યા યુગપદેકોનવિંશતેઃ

---

૧૪. દર્શનમોહનીયના ઉદયે અદર્શન. અને અંતરાયના ઉદયે અલાભ પરીષહ હોય.

૧૫. ચારિત્રમોહનીય (કષાય, નોકષાયના ઉદયે (જુગુપ્સાથી) નગનતા પરીસહ, અરતિ., સ્ત્રી. (ભયથી) નિષદ્યા., (ક્રોધથી) આક્રોશ., (માનથી) યાંચા., અને (લોભથી) સત્કાર., પરીષહો હોય છે.

૧૬. બાકીના (કેવલિને હોય છે તે) ૧૧ પરીષહો વેદનીય કર્મના ઉદયે હોય છે.

૧૭. એક જીવને એક કાળે જઘન્ય એક પરીષહથી માંડી ઉત્કૃષ્ટ ૧૯ પરીષહ સુધી હોઈ શકે છે.

## ૧૮. સામાયિક–ચ્છેદોપસ્થાપ્ય–પરિહારવિશુદ્ધિ–સૂક્ષ્મ સંપરાય–યથાખ્યાતાનિ ચારિત્રમ્

(શીત–ઉષ્ણ બે એક સાથે ન હોય. ચર્યા–શય્યા–નિષધામાંથી એકી વખતે ગમે તે એક જ હોય.)

૧૮. ચારિત્ર પાંચ છે : **સામાયિક** (સર્વસાવદ્યયોગની વિરતિ), **છેદોપસ્થાપ્ય** (પૂર્વના સામાયિકચારિત્રના પર્યાયનો છેદ કરી મહાવ્રત–આરોપણ વડે/નવીન પર્યાયમાં સ્થાપન), **પરિહારવિશુદ્ધિ** (પરિહાર નામના તપથી શુદ્ધ થતું ચારિત્ર), **સૂક્ષ્મસંપરાય** (૧૬ કષાયમાંથી ફક્ત સં. લોભના ઉદયવાળું ૧૦માં ગુણઠાણાનું), અને યથાખ્યાત (જેવું ચારિત્ર ભગવાને કહ્યું છે તેવું – સર્વકષાયના ઉપશમ કે ક્ષયવાળું).

૧૯. અનશનાવ મૌદર્ય વૃત્તિ પરિસંખ્યાન-રસપરિ-
ત્યાગ-વિવિક્ત શચ્યાસન કાયક્લેશા બાહ્યં તપઃ

૨૦. પ્રાયશ્ચિત-વિનય-વૈયાવૃત્ત્ય-સ્વાધ્યાય-
વ્યુત્સર્ગ-ધ્યાનાન્યુત્તરમ્

---

૧૯. બાહ્યતપ ૬ પ્રકારે : અનશન (આહારત્યાગ), ઉનોદરી, આહારના દ્રવ્યોની સંક્ષિપ્ત ગણત્રી (ઉપરાંતનું પચ્ચક્ખાણ), વિગઈ (દૂધ દહિં વગેરે) નો ત્યાગ, એકાન્ત, બાધારહિત, નિર્જીવ અને સ્ત્રીઆદિથી રહિત એવા શૂન્ય ઘર, ગુફા વગેરેમાં જ્ઞાનાદિ પાંચ આચાર સાધવા શયન-આસન, (આને સંલીનતા કહે છે, અને સંલીનતા એટલે ઈંદ્રિયો-કાયાદિયોગોનું સંયમનસંગોપન પણ કહેવાય છે.) વિશિષ્ટઆસનો-આતાપના-શીતસહન-લોચ વગેરે કાયદમન.

૨૦. આભ્યન્તર તપ ૬ પ્રકારે : લાગેલા પાપોને ગુરૂ આગળ બાળભાવે પ્રગટ કરી દંડ લેવો તે પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય (ભણવું ભણાવવું વગેરે), કાયોત્સર્ગ અને ધ્યાન.

૨૧. નવ-ચતુર્દશ-પંચ-દ્વિ-ભેદં યથાક્રમં પ્રાગ્ધ્યાનાત્

૨૨. આલોચન-પ્રતિક્રમણ-તદુભય-વિવેક-વ્યુત્સર્ગ-તપશ્છેદ-પરિહારોપસ્થાપનાનિ

---

૨૧. ધ્યાનની પહેલાનાં પ્રથમ પાંચના અનુક્રમે ૯-૪-૧૦-૫ અને ૨ ભેદો છે.

૨૨. **પ્રાયશ્ચિતના** ૯ પ્રકાર : **આલોચન**-ગુરુ આગળ નિંદા ગર્હાદિપૂર્વક પ્રગટ કરવું તે, પ્રતિક્રમણ-મિથ્યાદુષ્કૃત સાથે પશ્ચાત્તાપ, **તદુભય**-તે બંને ૧લું અને ૨જું, **વિવેક**-પ્રયોજન મુજબ દોષ ટાળીને લાવેલા આહારવસ્ત્રાદિ અશુદ્ધ કે અધિક માલમ પડે વિધિપૂર્વક તજવાં તે, **વ્યુત્સર્ગ**-કાયોત્સર્ગ, **તપ**, **છેદ**-ચારિત્રપર્યાયનો, **પરિહાર**-જેમાં ગચ્છના બીજા સાધુઓ સાથે વંદન આલાપ વગેરે તજવું પડે છે તે, (મૂલ પ્રાયશ્ચિત - પૂર્વના સર્વ ચારિત્રપર્યાયનો છેદ, પછી ફરી વ્રત લેવાં પડે), **ઉપસ્થાપન**-ફરી ચારિત્રવ્રત સ્વીકારવા પડે તે,

૨૩. જ્ઞાન-દર્શન-ચારિત્રોપચારાઃ

૨૪. આચાર્યોપાધ્યાય-તપસ્વિ-શૈક્ષક-ગ્લાન-ગણ-કુલ-સંઘ-સાધુ-સમનોજ્ઞાનામ્

---

(અમુક તપ વગેરે આચર્યા પછી જ વ્રત કે વેષ લઈ શકાય તે અનવસ્થાપ્ય અને પારંચિક એમ બે પ્રકારે. એ રીતે કુલ ૧૦ પ્રાયશ્ચિત પણ ગણાય છે).

૨૩. જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય (જ્ઞાનાદિગુણાધિકનું બહુમાનસત્કારાદિ) એમ ચાર પ્રકારે વિનય છે.

૨૪. વૈયાવચ્ચ ૧૦ પ્રકારે : આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી-નવી દિક્ષિત-બિમારગણ (એક શ્રુતસ્થવિરની સંતતિમાં રહેલ)- કુલ (એક આચાર્યની સંતતિમાં રહેલ) - સંઘ (૪ પ્રકારે, પરમાર્થથી જ્ઞાનાદિ-ગુણ-સ્થિત સાધુ વગેરે)- સાધુ અને સમનોજ્ઞ (જ્ઞાનદર્શન-ચારિત્રરૂપ

૨૫. વાચના-પૃચ્છના-ઽનુપ્રેક્ષા-ઽઽમ્નાય-ધર્મોપદેશાઃ

૨૬. બાહ્યાઽભ્યન્તરોપધ્યોઃ

---

મનોજ્ઞવાળા-૧૨ પ્રકારના સંબંધવાળા) નું આહાર, વસ્ત્ર, ઔષધ વગેરે દેવા વડે, તેમજ શુશ્રુષા-ઉપસર્ગનિવારણઆદિ દ્વારા.

૨૫. સ્વાધ્યાય પાંચ પ્રકારે : શિષ્યને સૂત્ર-અર્થ ભણાવવા, શિષ્યે એમાં શંકાદિ પડે ગુરૂને પૂછવું, અનુપ્રેક્ષા-મોઢેથી ઉચ્ચાર કર્યા વિના સૂત્ર-અર્થનું ચિંત્વન, અને ધર્મોપદેશ-સૂત્ર-અર્થનું વ્યાખ્યાન-વિચારણા.

૨૬. વ્યુત્સર્ગ બે પ્રકારે : બાહ્ય - ૧૨ પ્રકારની ઉપધિનો, અને અભ્યંતર - શરીર અને કષાયોનો ત્યાગ.

૨૭. ઉત્તમસંહનનસ્યૈકાગ્રચિન્તાનિરોધો ધ્યાનમ્

૨૮. આ મુહૂર્તાત્

૨૯. આર્ત-રૌદ્ર-ધર્મ્ય-શુક્લાનિ

૩૦. પરે મોક્ષહેતુ

---

૨૭. ઉત્તમ સંઘયણ (વજ., અર્ધવ., નારાચ., અર્ધના.) વાળાની એક વિષય પર ચિત્તની એકાગ્રતાને ધ્યાન કહે છે. (ચિત્તનિરોધ માટે વિશિષ્ટ શક્તિ જોઈએ.)

૨૮. એક ધ્યાન વધુમાં વધુ મુહૂર્ત સુધી - અંતર્મુહૂર્ત ટકે.

૨૯. ધ્યાન ચાર પ્રકારનું છે : આર્ત, રોદ્ર, ધર્મ અને શુક્લ.

૩૦. એમાંના પછીના બે ધર્મ અને શુક્લ મોક્ષના કારણ છે. (આર્ત-રૌદ્ર સંસારના હેતુ છે.)

૩૧. આર્તમમનોજ્ઞાનાં સમ્પ્રયોગે તદ્વિપ્રયોગાય સ્મૃતિ-સમન્વાહારઃ

૩૨. વેદનાયાશ્ચ

૩૩. વિપરીતં મનોજ્ઞાનામ્

૩૪. નિદાનં ચ

---

૩૧. અણગમતા વિષયનો સંયોગ પ્રાપ્ત થયે, તેના વિયોગની (વિયોગના ઉપાય વગેરેની) પાછળ મનની લગની - 'આ અનિષ્ટ સંયોગ કેમ છૂટે' ઈત્યાદિ ચિંતા - એ આર્તધ્યાનનો પહેલો પાયો.

૩૨. વ્યાધિના નાશ માટેની ચિંતા એ આર્તધ્યાનનો ૨જો પાયો.

૩૩. મનગમતી વસ્તુના સંયોગ અંગેની મનની તાલાવેલી એ આર્તધ્યાનનો ૩જો પાયો.

૩૪. વિષયસુખો મેળવવા નિયાણું (ગાઢ આસક્તિપૂર્વકની અભિલાષા) કરવું એ આર્તધ્યાનનો ૪થો પાયો.

૩૫. તદવિરત-દેશવિરત-પ્રમત્ત-સંયતાનામ્

૩૬. હિંસા-ડનૃત-સ્તેય-વિષયસંરક્ષણેભ્યો રૌદ્રમવિરત-દેશવિરતયોઃ

૩૭. આજ્ઞા-ડપાય-વિપાક-સંસ્થાન-વિચયાય-ધર્મ્યમપ્રમત્ત સંયતસ્ય

---

૩૫. આર્તધ્યાન અવિરતિ-દેશવિરતિવાળાને અને પ્રમત્ત સાધુને (૬ ગુણાઠાણા સુધીજ) હોય.

૩૬. હિંસા, અસત્ય ભાષણ, ચોરી અને ઈષ્ટવિષયનું સંરક્ષણ-આ ચાર (અને એના ઉપાયાદિ અંગે રૌદ્ર વિચારણા એ રૌદ્રધ્યાન. એ અવિરતિ-દેશવિરતિવાળાને જ હોય.)

૩૭. (સર્વજીવને હિતકારી એવી નિર્દોષ) જિનાજ્ઞા, રાગદ્વેષાદિની ભીષણ અનર્થો (આલોક પરલોકની અપાર વિપત્તિઓ), ભિન્ન ભિન્ન કર્મોના વિચિત્ર પરિણામ, અને ચૌદ રાજલોક તથા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની તેવી તેવી સ્થિતિ આ

૩૮. ઉપશાન્ત-ક્ષીણકષાયયોશ્ચ

૩૯. શુક્લે ચાદ્યે (પૂર્વવિદઃ)

૪૦. પરે કેવલિનઃ

૪૧. પૃથકત્વૈકત્વ-વિતર્ક-સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતિ-વ્યુપરતક્રિયા ઽનિવૃત્તીનિ

---

ચારની વિચારણમાં ચિત્તની તન્મયતા એ ધર્મ ધ્યાન એ અપ્રમત્ત સંયમીને (૭ મા ગુણઠાણાથી) હોય.

૩૮. કષાયનો ઉપશમ અથવા ક્ષય કરેલાને પણ ધર્મધ્યાન હોય.

૩૯. ઉપશાંત કે ક્ષીણ-કષાયવાળાને શુક્લધ્યાનના પહેલા બે પાયા હોય છે. પૂર્વધરને એ હોય છે.

૪૦. શુક્લધ્યાનના છેલ્લા બે પાયા કેવલજ્ઞાનિનેજ હોય છે.

૪૧. શુક્લધ્યાનના ચાર પાયા : પૃથક્ત્વવિતર્ક (સવિચાર), એકત્વવિતર્ક (અવિચાર),

૪૨. તત્ર્યેક–કાયયોગા–ડયોગાનામ્

૪૩. એકાશ્રયે સવિતર્કે પૂર્વે

---

સૂક્ષ્મક્રિયાડપ્રતિપાતી, વ્યુપરત ક્રિયાડનિવર્તી. (૧. પૃથક્ત્વ – એક પદાર્થથી બીજા પદાર્થ પર ધ્યાનને જવાની વિવિધતા, એવાળા વિતર્કનો વિચાર. ૨. એકત્વ – એકજ પદાર્થનું આલંબન. ૩. સૂક્ષ્મ મનવચન યોગોને રુંધનાર સૂક્ષ્મકાયયોગનું નિરોધક ધ્યાન સૂક્ષ્મક્રિયાવાળું અને અપ્રતિપાતી છે. ૪. વ્યુપરતક્રિયા–કોઈ યોગ જયાં નથી એવું ધ્યાન.)

૪૨. એ ચાર પ્રકારનું શુક્લધ્યાન અનુક્રમે ત્રણ યોગવાળાને એક જ યોગવાળાને – મનવચનયોગોને રુંધી માત્ર સૂક્ષ્મકાયયોગ ધરનારને અને અયોગીને હોય છે.

૪૩. 'પૂર્વે' એટલે શુક્લધ્યાનના પહેલા બે પ્રકાર એ એક દ્રવ્યને અવલંબીને પૂર્વગતશ્રુતને અનુસારે થતા વિતર્કવાળા હોય છે.

૪૪. અવિચારં દ્વિતીયમ્

૪૫. વિતર્કઃ શ્રુતમ્

૪૬. વિચારોઽર્થ-વ્યંજન-યોગ-સંક્રાન્તિઃ

૪૭. સમ્યગ્દષ્ટિ-શ્રાવક-વિરતા-ઽનન્તવિયોજક-દર્શનમોહ ક્ષપકોપશમકોપશાન્તમોહ-ક્ષપક-ક્ષીણમોહ-જિનાઃ ક્રમશોઽસંખ્યેયગુણનિર્જરાઃ

---

૪૪. (પહેલું શુક્લધ્યાન સવિચાર-સંક્રમણવાળું, જ્યારે) બીજું પદાર્થો વગેરેના સંચાર વિનાનું હોય છે.

૪૫. પૂર્વગતશ્રુતજ્ઞાન કે જેથી પદાર્થની વિચારણા કરાય છે તેને 'વિતર્ક' કહેવાય.

૪૬. 'વિચાર' એટલે પરમાણુ, આત્મા આદિ પદાર્થ, એના બોધક શબ્દો, અને મનવચનકાયાના યોગોને વિષે સંક્રમણ-સંચાર.

૪૭. સમ્યગ્દષ્ટિ, શ્રાવક, સર્વવિરતિધર સાધુ, અનંતાનુબંધિ કષાયનો ક્ષય કે ઉપશમ કરતો

४८. પુલાક-બકુશ-કુશીલ-નિર્ગ્રન્થ-સ્નાતકા-
નિર્ગ્રન્થાઃ

---

આત્મા, દર્શનમોહનો ક્ષય કરતો, મોહનીયનો ઉપશમ કરતો, ઉપશાંત મોહનીયવાળો (ઉપશમ કરેલો), મોહનીયનો ક્ષય કરતો, ક્ષીણ મોહનીયવાળો (ક્ષય કરેલો), અને ચાર ઘાતિનો જેમણે ક્ષય કરેલો છે એવા આત્મા - આ દશ અનુક્રમે પૂર્વપૂર્વ કરતાં અસંખ્યાત ગુણનિર્જરા કરનારા હોય છે.

૪૮. નિર્ગ્રન્થ (આઠ કર્મ અને આસ્રવરૂપ ગ્રંથને જીતવામાં પ્રવૃત્તિશીલ સુસાધુ) પાંચ પ્રકારે હોય છે. (૧) પુલાક એટલે નિસ્સારતુષ. મહાવ્રતના પાલક છતાં ડાંગરના ફોતરાની જેમ તપ-શ્રુતથી પ્રાપ્ત થયેલ લબ્ધિના આધાર જીવી જ્ઞાનાદિગુણવિના આત્માને નિઃસાર કરનાર. (૨) બકુશ (એટલે કાબરચિતરા) દેહઉપધિની શોભા, ઋદ્ધિ, યશ, સુખશીલતા વગેરેમાં પડેલા

અને છેદપ્રાયશ્ચિતયોગ્ય એવા શુદ્ધિઅશુદ્ધિથી કાબરચિતરા ચારિત્રવાળા. (૩) કુશીલ એટલે ઇંદ્રિયોના સંયમ વિના ઉત્તર ગુણો (સમિતિ, તપ વગેરે) ની વિરાધના સેવીને કે સંજ્વલન કષાયોની ઉદીરણા કરી ૧૮૦૦૦ શિલાંગને દુષિત કરનાર. (૪) નિર્ગ્રન્થ એટલે પ્રશસ્ત યોગસંયમને પ્રાપ્ત યથાખ્યાત (વીતરાગ) ચારિત્રવાળા છદ્મસ્થ. (૫) સ્નાતક એટલે સયોગી કે અયોગી કેવલિ ભગવાન્.

૪૯. એ પાંચ નિર્ગ્રન્થમાંના કોણ કયા ચારિત્રવાળા, કેટલા શ્રુતવાળા, મૂલોત્તરગુણની કઈ વિરાધનાને ભજનારા, કયા તીર્થંકરના તીર્થમાં થનારા, દ્રવ્યભાવમાંથી કેટલા લિંગને ધરનારા, કેટલી લેશ્યાવાળા, કાળ કરીને ક્યાં જનારા, કેટલા સંયમસ્થાનકને સ્પર્શનારા, ઈત્યાદિ પ્રકારોથી વિચારણીય છે.

## અધ્યાય - ૧૦

૧. મોહક્ષયાદ્ જ્ઞાનદર્શનાવરણાऽન્તરાય-ક્ષયાચ્ચ કેવલમ્

૨. બન્ધહેત્વભાવ-નિર્જરાભ્યામ્

૩. કૃત્સ્ન-કર્મક્ષયો મોક્ષઃ

---

૧. પ્રથમ થતો મોહનીય કર્મનો સર્વક્ષય, અને પછી થતો જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો સર્વથા ક્ષય - આ ચાર ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાન પ્રગટે છે.

૨. બંધના હેતુ આસ્રવને રોકવાથી અને સાથે કર્મની નિર્જરા કરવાથી કર્મની સર્વથા ક્ષીણદશા પ્રાપ્ત થાય છે.

૩. સકલ કર્મનો ક્ષય એજ મોક્ષ.

૪. ઔપશમિકાદિ-ભવ્યત્વાભાવાચ્ચાન્યત્રકેવલ-સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન-સિદ્ધત્વેભ્યઃ

૫. તદનન્તરમૂર્ધ્વં ગચ્છત્યાऽऽલોકાન્તાત્

૬. પૂર્વ-પ્રયોગાદસંગત્વાદ્ બન્ધચ્છેદાત્ત-થાગતિપરિણામાચ્ચ તદ્ગતિઃ

---

૪. ક્ષાયિક સમ્યક્ત્વ, કેવલજ્ઞાન, કેવલદર્શન અને સિદ્ધપણું - આ સિવાયના બીજા ઔપશમિક આદિ ભાવોના અને ભવ્યત્વના અભાવથી (નાશથી) મોક્ષ થાય છે.

૫. કર્મક્ષયરૂપી મોક્ષ થયા બાદ આત્મા (એક સમયે) ઉંચે લોકના અંત (મથાળા) સુધી જાય છે.

૬. તે જવાનું-ચક્રની જેમ પૂર્વપ્રયત્ને લઈને, જીવને અન્યત્ર ખેંચી જનારા કર્માદિનો સંગ છૂટવાથી, દોરીના બંધનની જેમ કર્મના બંધન છેદાઈ જવાથી, અને ખાલી તુંબડાની જેમ ઉંચે જવાના સ્વાભાવિક ગતિ-પરિણામને લીધે થાય છે.

૭. ક્ષેત્ર-કાલ-ગતિ-લિંગ-તીર્થ-ચારિત્ર-પ્રત્યે-કબુદ્ધ-બોધિત-જ્ઞાના-ઽવગાહના-ઽન્તર-સંખ્યા-ઽલ્પ બહુત્વતઃ સાધ્યાઃ

---

૭. ૧. ક્યાં સિદ્ધ થાય ? ક્યારે-કયા લિંગે-તીર્થે કે અતીર્થે-કયા ચારિત્રે-પ્રત્યેક બુદ્ધ કે બુદ્ધબોધિત સિદ્ધ થાય ? કયા જ્ઞાનવાળા અને કેટલી શરીરની ઉંચાઈવાળા સિદ્ધ થાય ? સતત ક્યાં સુધી કે કેટલા આંતરે, એક સમયે કેટલી સંખ્યામાં સિદ્ધ થાય ? આ રીતે સિદ્ધ થનારનું અલ્પ-બહુત્વ, કોણ ઓછા વધારે ? આ પ્રમાણે મોક્ષતત્ત્વ વિચારણીય છે.

**તત્ત્વાર્થ-દશ-અધ્યાય-સૂત્ર-ઉષા સમાપ્ત**

# આ વાત કદી ના ભુલાય

સવારે ઉઠી હાથ જોવાય, ચોવીસ પ્રભુના દર્શન કરાય
પછીથી આઠ નવકાર ગણાય... આ વાત કદી ના ભુલાય (૧).

સવારે વ્હેલા ઉઠી જવાય, માત-પિતાને નમન કરાય
પછી પ્રભુના દર્શન કરાય... આ વાત કદી ના ભુલાય (૨)

રાત્રિભોજન કદી ના કરાય... કાંદા બટાટા ન જ ખવાય
દ્વિદળ, અભક્ષ્ય કદી ના લેવાય, આ વાત કદી ના ભુલાય (૩)

બેઠા બેઠા જમે તે માણસ કહેવાય, ઉભા ઉભા ખાય તે
જનાવર કહેવાય, જેમ ફાવે તેમ કદી ના ખવાય...
આ વાત કદી ના ભુલાય (૪)

રોજ સાંજે પાઠશાળાએ જવાય, નવા નવા સૂત્રો ભણાય
સારું ભણીને સારા થવાય... આ વાત કદી ના ભુલાય (૫)

ટી.વી. વિડિયો કદી ના જોવાય, મોટા સામું કદી ના બોલાય
સારા છોકરા એ જ કહેવાય... આ વાત કદી ના ભુલાય (૬)

મોટા થઈને વજ્રસ્વામી બનાય, સાધુ નહીં તો શ્રાવક બનાય
કુમારપાળ જેવા ધર્મી બનાય... આ વાત કદી ના ભુલાય (૭)

## ફટાકડા ફોડવાથી અષ્ટ કર્મબંધ

કાગળ બળે તથા
પગ નીચે આવે તેથી - જ્ઞાનાવરણીય કર્મ

જીવોની હિંસા,
અંગોપાંગ છેદાય તેથી - દર્શનાવરણીય કર્મ

જીવોને ભય લાગે,
વેદના થાય તેથી - વેદનીય કર્મ

ફટાકડા ફૂટવાથી આનંદ થાય,
ઉત્સાહ વધે તેથી - મોહનીય કર્મ

ફટાકડા ફોડવાના અંત
સમયે આયુષ્ય બંધાવાથી - અશુભ-આયુષ્ય કર્મ

બળીને મૃત્યુ પામવાથી - નામ કર્મ

ફટાકડા ફોડવામાં પ્રોત્સાહન
દેવાથી નિમિત્તરૂપ થવાથી - ગોત્ર કર્મ

નિદ્રામાં, અભ્યાસમાં, શાંતિમાં
બીજાને વિઘ્ન થવાથી - અંતરાય કર્મ